[illegible]

"કાળ"

૨૧૪૪

અધિપતી મી૦ શીવરામ મહાદેવ પ્રાંજપે

ર. એમ. એ. વાળા મુકરદમાનો

સંપૂર્ણ હેવાલ.

(ગાર્ડી સમાચાર અને સાંજ વર્તમાન પેપરોમાંથી ચુંટી કહાડી છપાવી પ્રસીદ્ધ કરનાર)

રતિલાલ દુર્લભદાસ કાપડીઆ. બાલાજી રોડ- સુરત.

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ ભાગાતળાવ—સુરત

સને ૧૯૦૮

મૂલ્ય ફક્ત આના બે.

ઘણ મિરૂદ્ધ

મી૦ તીલક કેસ

નું લગભગ ૧૦૦ પાનાનું પુસ્તક તૈયાર છે.

કીંમત આના પાંચ.

મળવાનું ઠેકાણું:—

"દેશી મિત્ર" પ્રેસ સુરત

"સુંદર" પ્રીન્ટીંગ પ્રેસ સુરત.

હમારે

છે

હમો પણ ખુજ નાઈ...

જાણીતા હૉટેલોમા હમારી વપરાય છે જેનુ કારણ હમારે અસલ સેલુન ચાહનેજ લીધે... શેર નાનું પડીકું મંગાવી ખાત્રી કરો ફક્ત શેર એકના આના આઠ

વળી તે ઉપ્રાત

પેલા ભાગાતળાવમાં આવેલા

ફોટોગ્રાફર

મી. એમ. જી. મીરધા.

એ તો નવી નવી ડીસાઇનના ફોટાઓ પાડી ગ્રાહકોનુ મન પોતાની દુકાન તરફ ખેચવા માટે જાણીતા થયલા છે તેને ત્યા પડતી છબીનો ભાવ વ્યાજબી કામ, ઉમદા, ઉપ્રાત વાયદાસર કામ થાય છે જરૂર તેના સ્ટુડીઓમા એકવાર જાવ અને ડીઝાઇનનો મોટો જથ્થો જોઇ આવો

એમ૦ જી૦ મીરધા.

ભાગાતળાવ—સુરત

હમારે ત્યા જાત જાતના સેંટ, પોમેટમ, ફોનોગ્રાફ, ચીનાઇ અધર્સ ળીની અત્તીઓ, ઉપ્રાત જાત જાત બુટ અને શુઝ, નેકટાઈ, કૉલર, ખ જાતના રૂમાલો છત્રીઓ જરૂર પ્રમાણે હમારે ત્યાથી મળે છે

માલેક હાજી અબદુલકાદર મુ

ચીનાઈ અધર્સ ડેપ એ૦

ભાગાતળાવ રોડ—

રબર સ્ટામ્પ.

જુદી જુદી જાતની લગભગ ૫૦૦ ડીઝાઇનોથી હમો છેલ્લામા છેલ્લી અમેરીકન મુજબ રબરના સીક્કા, મોનોગ્રામ, સીગનેચર્સ, ગુજરાતી, બાળબોધ હરકોઇ ભાષામા બનાવીએ છીએ

બનાવનાર

નારાયણરાવ એલ. નીકમ

Co/ "Deshi Mitra" Press. **SURA'**

પુના "કાળ" સ્ત્ર

પત્રના અધિપતી મી૦ મહાદેવ શીવરામ પ્રાંજપે એમ. એ. વાળો મુકરદમો. ૨૧૩૪

શુક્રવાર તા૦ ૧૨ મી જુન સને ૧૯૦૮

,નાના "કાળ" પત્રના અધિપતી સામે ફીતુરી લખાણ કરવાનો આરોપ.

પૂનાના જાણીતા ' કાળ 'પત્રના અધિપતિ. પ્રગટ કરતા મી૦ શિવરામ મહાદેવ પ્રાંજપે .ન એ સામે હી દી ફોજદારી કાયદાની ૧૨૪ મી એ અને ૧૫૩ મી એ કલમનો ભગ કરી ગ- ઇ તા૦ ૧૫ મી મેના અંકમા ફિતુરી લખાણ કરવાનો આરોપ મેલાયો છે તે ચર્ચા ભર્યા મુકર- દમાની તપાસ આજ દિને ૧૧ કલાકે મેદાનની પોલીસ કોરટમા વડા પ્રેસીડેસી મેજીસ્ટ્રેટ મી૦ એસટન સનમુખ નીકળી હતી સરકાર તરફથી સરકારી સોલીસીટર મી૦ બોવેન અને આરોપી તરફથી મી૦ દીક્ષીત વકીલ અને મી૦ ઇંદ્રજીત બેરીસ્ટર હાજર થયા હતા પોલીસ તરફથી આ મુ- કરદમા ઉપર છુપી પોલીસના વડા સુપ્રીન્ટેનડટ મી૦ સલોને દેખરેખ રાખી હતી

પોલીસે આ મુકરદમા વખતે ખાસ દેખરેખ રાખી હતી. પોલીસ કોરટના આગલા શિવાય સઘળા દરવાજા આજે બંધ રહ્યા હતા

ડીટેકટીવ સુપ્રીન્ટેન્ડંટ મી૦ સ્લોને તોહમત દારને ઓળખાવ્યો હતો.

મી૦ બોવને મુકદમો મુલતવી રાખતા જ- ણાવ્યુ હતુ કે, તે માટે નજદીકનો દીવ.. ઠરાવવો કે જેથી હાઇ કોર્ટની આવતી ફોજદારી બેશન્સમા તેની તપાસ નીકળી શકે

મેજીસ્ટ્રેટે આ ઉપરથી મુકરદમો આવતા સોમવાર ઉપર મુલતવી રાખ્યો હતો, તે પછી મી૦ દીક્ષીતે પોતાના કુળને જામીન ઉપર છોડ- વાની અરજ કીધી હતી

મી૦ બોવને તે સામે વાધો લેતા જણાવ્યુ હતુ કે, વાધાવાળુ લખાણ વાચવા પછી કોર્ટનુ જો એવુ મન હોય કે તોહમતદાર સામે મેલા- યલા આરોપ માટે તે તકસીરવાર છે, એમ માનવાને કોર્ટ પાસે વાજબી કારણ હોય તો કોર્ટ તેને જામીન ઉપર છોડી શકે નહી

મી૦ દીક્ષીતે કહ્યુ કે તીલકવાળા મુકરદમા મા મરનાર જડજ મી૦ બદરૂદીન તય્યબજીએ જામીન ઉપર શું કારણસર છોડયા, તે માટે ઠરા વેલા નીયમો પ્રમાણે તોહમતદારને જામીન ઉપર છોડવાની મુળ મતલબ એવી છે કે, તેની હાજ રી કોર્ટમા કોઇપણ રીતે મેળવી શકાય તોહમત દાર કોઇપણ રકમનો જામીન આપવાને તૈયાર છે

મેજીસ્ટ્રેટે જામીન ઉપર છોડવાની અરજ ના મંજુર રાખતા જણાવ્યું હતુ કે, વાંધાવાળુ લખાણ વાચવા પછી મારૂ મત એવુ છે કે તો હમતદાર સામે જે આરોપ મેલવામાં આવ્યો છે, તે માટે તે તકસીરવાર છે એવું માનવાને વાજબી કારણ છે, તેમજ જે આરોપસર તોહમત- દારને પકડવામાં આવ્યો છે તેથી તેને જામીન ઉપર છોડવાની મને સત્તા નથી.

હાઇ કોર્ટને

મીઠ તીલક । મીઠ નાજન વચ્ચ [illegible]કડ્યા.

મીઠ આાજપેને પકડી મુંબઇ લાવવામા આવ્યા છે, એવી ખબર નાશીક ખાતે મીઠ બાલગગાધર તીલકને થવાથી, તેઓ મુબઈ આવ્યા, અને મેદાનની પોલીસ કોર્ટની ચોકીમા મીઠ પ્રાજપેને સપ્રત્રમાં આવ્યા હતા, ત્યા પોલીસની રજાથી મીઠ તીલકે તે મની મુલાકાત લઇ કેટલોક વખત સુધી વાત કીધી હતી

સોમવાર તાઠ ૧૫ મી જુન સને ૧૯૦૮

વડા મેજીસ્ટ્રેટ મી૦ એસટન સ-નમુખ શરૂ થયલી તપાસ.

મી૦ જોશીની જુબાની.

મીઠ ભાશકર વિષ્ણુ જોશીએ મીઠ બોવન ની તપાસમા જણાવ્યુ કે હુ ઓરીયેટલ ત્રાન્સલેટરની ઓફીસમા પહેલો મદદનીશ છુ દશ વરસ થયા હૂ એ નોકરી બજાવુ છુ હુ જાતે બ્રાહ્મણ છુ હૂ મુબઈ યુનીવરસીટીનો એક ગ્રેજ્યુએટ છુ છેલ્લા દશ વરસ થયા હૂ ઓરીયેટલ ત્રાન્સલેટરની ઓફીસમા મરાઠી ભાષાતરો કરૂ છુ મીઠ કાદરી હાલ પુના ખાતે રોકાય ગયા છે ગઈ તા૦ ૧૫ મી મે ૧૯૦૮ નો પુના ખાતે પ્રગટ થતા ' કાળ, પત્રનો અક મે વાચ્યો છે એ અકમા પ્રગટ થયલો આરટીકલ અને જુદી જુદી લીડર્સોનો મે તરજુમો કીધો છે 'કાળ પત્ર સામે કામ ચાલવવા માટે નાઠ મુબઇ સરકારે મીઠ કાદરીને ઓરડર આપ્યો હતો

કાયદાની બારીકી.

મીઠ ઇનવરારીટી અત્રે મુબઇ સરકારના હુકમનો પત્ર વાચી જોઈ કહ્યુ કે એ ઓરડર પ્રમાણે મીઠ કાદરીને કામ ચલાવવાનો હક રહે છે અને મીઠ જોશીને એવો હક રહેતો નથી મીઠ બોવન જણાવ્યુ કે મી કાદર ગેરહાજરીમાં આ ઓરડર ઉપર તેમની સ છે એમ જુબાનીથી સાબેત કરવામાં આવે પછી એ ઓરડર એકઝીબીટ તરીકે થઇ શકે.

ધારાના હીમાયતીઓની વધુ તકરાર સાભળી લઈ નામદાર કોરટે, એ ઓરડર મ કાદરીની ગેરહાજરીમા કોરટમા જુબ લઇ ' એકઝીબીટ ' તરીકે દાખલ થઇ શકે એ ઠરાવ્યુ હતુ

એ પછી સાક્ષીએ મીઠ બોવનની વધુ તપાસમા જણાવ્યુ કે કોરટમા રજુ થયલુ ડેકલેરેશન આરોપીએ કીધેલુ છે, જે તેના ' કાળ ' પત્ર માટે છે

એ પછી મીઠ બોવને કેટલાક વધુ કાગળીઆ " એકઝીબીટ તરીકે કોરટમા રજુ કીધા હતા ' એ પછી મીઠ બોવને મજકુર કહેવાતો ફીતુરી આરટીકલ વાચ્યો હતો, જે નીચે મુજબ હતો —

' તાઠ ૧૫ મી મે ૧૯૦૮

" કાળ "

પત્રના ફીતુરી લખાણનો તરજુમો.

"બગાળના બોબગોળા પ્રકરણમાના આરોપીઓને પકડવાના કામમા જે લોકોએ બહાદુરી કીધી છે તેમના ઇનામોની યાદી જાહેર થઈ છે તેમાના કેટલાએક નામો નીચે પ્રમાણે છેઃ— સબ ઇન્સપેક્ટર નદલાલ બેનરજી એમને એક હજાર રૂપીઆ બક્ષીસના મળ્યા સબ ઇન્સપેકટર ચતુરવેદીશર્મન એમને પાચસે રૂપીઆ આપવામા આવ્યા છે હેડ કોનસ્ટેબલ ઝમીર મહમદખાન એમને પણ પાચસો રૂપીઆની બીદામી થએલી છે, અને જેણે ખુદીરામ બોઝને પકડ્યો એવા જે શીવપ્રસાદ મીસર અને ફતેસીગ એ નામના બે કોન્સટેબલો તેમાના દરેક આસામીને સાડીબારસો રૂપીઆનુ ઇનામ આપવામા આવેલુ છે આ ઇનામોની રકમ

...મે, મનમાં પણ સવાલો ઉત્પન્ન થાય છે ... લગતી મુઝફ્ફરપુરના બોમ્બગોળાના પ્રકરણમાં જે લોકોને પકડવામાં આવેલા છે, તે કંઇ હજુ ગુનેહગાર ઠરેલા નથી, તે હજી તોહમતદાર છે ... લોક ઉપરનાં તોહમતો ભરૂસો રાખવા લાયક કે પુરાવા ઉપરથી ઇનસાફની કોરટમાં હજુ સાબીત થવાના છે એમ છે ત્યારે પોલીસને અગાઉથીજ ઇનામો વેહેંચવામાં આવ્યા! આવડી ઉતાવળ શું કામ? ખેનરજી શ-રમાં, ખાન, મીસર અને સીંગ એ કંઇ કો-ઇ ઠેકાણે નાહાસી જવાના નહી હતા, મુકરદમાનો નીકાલ થયા પછી તે લોકોએ જે આરોપીને પકડયા તેજ લોકો ગુનેહગાર છે એમ સાબીત થયા પછી આ પોલીસ ઇન્સપેકટરોને અને કોનસ્ટેબલોને ઇનામો આપી નહીં શકાતે એમ ...થી? પછી આટલી ઉતાવળ શી મતલબ સારૂ? અને આ બક્ષીસ કઈ કામની હોશીયારી સારૂ? પોલીસે પકડેલા લોક એજ ગુનેહગાર છે એમ ધારી લઇને? ઘણીવાર પોલીસની અટકલો ... થાય છે તે લોકો ભળતાજ માણસોને ગુનેહગાર ગણીને પકડી લાવે છે અને ઇન્સાફની કોરટો નીરઅપરાધી ગણીને છોડી દે છે આવી વાતો પોલીસના સામ્રાજ્યમા હમેશ બન્યા કરે છે, એ અધીકારીઓ જાણતા છતા તે લોકોએ પોલીસને બક્ષીશ વેહેંચવાની આવી નહી વખાણવા લાયક ઉતાવળ શુ કરવા કીધી? આરોપીઓએ કબુલાતના જવાબો દીધા છે માટે તેજ ગુનેહગાર હોવા જોઇએ એમ જો કોઇ કહેશે તો તે બરોબર નથી કારણ કે પોલીસના મારમાથી બચવા ખાતર ઘણા આરોપીઓ પોલીસ આગળ તે લોકો કહે તેવા કબુલાતના જવાબ આપે છે, અને ન્યાયાધીશ આગળ તે જવાબ પોલીસની જબરીથી આપેલો છે અને નહન બેઠો છે એમ કહીને જે ખરી હકીકત હોય તે જણાવે છે આવી હાલતમાં પોલીસ મેજીસ્ટ્રેટ સામે આપેલી જુબાનીમા કંઈ પણ સાર નથી હોતો, એવું કોઇના પણ ધ્યાનમા આવશે. અને જ્યારે આમ છે ત્યારે પછી આટ...ી તથા આવી કાચી હાલતમાં આ ઇનામો વેહેંચી નાખવામાં શું મતલબ હોવી જોઇએ? ઉપરનાં ઇનામોની રકમોનો સરવાળો સાડાચાર હજાર રૂપીઆ થાય છે. આ લોકોના સાર્વજનિક પૈસા છે, અને તે કેવી રીતે ખરચ કરવામાં આવેલા છે એ જોવાનુ એ લોકોનું કામ છે, અને તેવી નજરથી લોકો પોત પોતાના પૈસાનો હીસાબ જોવા માગશે તો એ પોતાના પૈસા યોગ્ય સમયના અગાઉ પોતાના નોકરો તરફથી વેહેંચી દેવામા આવ્યા એવુ જ તેઓને લાગવુ જોઇએ, પછી યોગ્ય વખતની પહેલા કરેલી ઉથલપટીમા શુ છુપો હેતુ હોવો જોઇએ?"

બીજી.

બીજી એક શંકા એવી આવે છે કે, આ બક્ષીસોની યાદીમા સઘળા નામો દેશીઓનાજ છે! રાજકારણના કામમા દેશીઓ એટલે નકામાજ! તેમના અંગમા લાયક પણું હજુ આવવાનુ છે! તેઓને હાથે આટલા મહત્વના કામો કેમ થાય! તેમના ઉપર યુરોપીયન લોકોની દેખરેખ જોઇએ! આવી જ્યારે સ્થીતી છે ત્યારે આ બોમ્બ ગોળાના પ્રકરણ જેવા મહત્વવાળા ગુન્હાની શોધ કરવાના કામમા મુખ્ય અગ્રેસરપણું ગોરા પોલીસ અધીકારીઓને (હાથ) નહી હોય એવો બીલકુલ સંભવ હોયજ નહીં તે લોકનીજ આ ધુર્તતા, આ ચાલાકપણું, અને આ લાંબી નજર હોવી જોઇએ આમ છતા, બક્ષીસોની યાદીમા તે બીચારાઓના નામ કોઈ ઠેકાણે પણ નથી, અને બધા ઇનામો દેશીઓનેજ! ગોરા પોલીસે ગુન્હાની તપાસ કરવામા પોતાના ભેજા દુખવવા અને નેટીવ સીપાઇઓએ ઇનામો ચુંટી લેવા, કેવળ અન્યાય નથી શું? ત્યારે આમ છે તો નેટીવ સીપાઇઓનેજ બક્ષીસો કેમ આપી? અને તે (ઇનામો) આટલા જલદી પણ કેમ આપ્યાં? આમા કાંઇ હેતુ હશે શું? અક્કલ અને મેહેનત પોતાની અને ઇનામો દેશીઓને! આટલા ઉદાર ગોરા ક્યારે થયા? ... આટલી દેશીઓ પ્રત્યે સહાનુભૂતિ તે લો-... ...રથી લાગવા માંડી? પણ કદાચને એવું તો ... હોયને! સ્વદેશ બંધુનો દ્રોહ (કરવા) સા-

રૂ લો આ બક્ષીસો નહી હોય ને ? અને હવે પછી આવાં સત્કૃત્ય કરવાને ઉમેદ આવે અને આ પ્રકરણમા હજુ છુપી રહેલી વાતો ખુલ્લી થાય વાસ્તે [illegible] આ બક્ષીસો આપવાની ઉતાવળ હશે નહી ને ? પરંતુ આ બધુદ્રોહ છે કે નહી તે બાબત શકા ઉત્પન્ન થવી એ સભવીત છે આ શકાનો નીકાલ કરવા સારૂ બીજી બાજુનો એક દાખલો, ચાલો આપણે લઇએ

ત્રીજી.

આ અઠવાડીયામા રૂટરે વીલાયતથી હીદુસ્થાનમા એક તાર મોકલ્યો છે તે તારની મતલબ એ છે કે મધ્ય સમુદ્રમા માલટા કરીને જે બેટ અગ્રેજ લોકના તાબામા છે તેના સરક્ષણ સારૂ સરકારે જે છુપી યોજનાઓ કરી છે તેને લગતા છુપી માહીતીના કાગળપત્ર એક અગ્રેજી અધીકારીએ એક પારકી સરકારને વેચેલા છે અને જીબ્રાલ્ટરની સામુદ્રધુનીના સબધના પણ ગુપ્ત કાગળપત્રને વેચવાની તૈયારીમા હતો એટલામા તેને પકડવામા આવ્યો તેમજ સમુદ્રના પાણીની નીચે અગ્રેજોના સરક્ષણના સાધનો ક્યા ક્યા અને ક્યા ક્યા છે તે બાબતના છુપા કાગળો ગુમ થઇ ગયેલા છે અને એક પ્રધાનના તાબા માહેલા મહત્વના છુપા કાગળો પણ પસાર થઇ ગયા છે આ કાગળપત્ર પારકી સરકારના હાથમા પડવાથી ઇગ્લડમા ભારે ખળભળાટ ચાલી રહ્યા છે, અને પોતાના દેશની બાબતની છુપી બાબતો જે કોઇ બીજાને જણાવી દે એવા દુષ્ટ, દેશદ્રોહી અને બધુદ્રોહી આસામીને સખત શીક્ષા થવી જોઇએ માટે લોર્ડ લોર્અર્ને પાર્લામેટ આગળ સખત સ્વરૂપનુ બીલ આણ્યુ છે, અને તે સબધમા લડનના એક અગ્રેજી છાપાવાળાએ પણ કહ્યુ છે કે "પોતાના દેશને ડુબાવનાર (માણસ) હમણા તેમ હમેશ થતુ આવે છે તેમ, ફાસીએ લટકાવવાને, તેનુ આગ ખેચીને, ટુકડે ટુકડા કરવાને લાયક છે ' આ દાખલો ને ઉપરનો દાખલો એ એની વચ્ચે કોઇ બાબતમા સરખાપણુ છે પરતુ એક ઠેકાણે એકને સજા થવાની છે [redacted] ઠેકાણે બીજાને બક્ષીસ મળે છે. [redacted] આ બે દાખલાઓમાંય. મોટો ત[redacted]. આરૂ જોતા દેશ દ્રોહને વાસ્તે બ[redacted]એ એકજ શીક્ષા અથવા બક્ષીસ હોવી જોઇએ. પણ હીંદુસ્તાનમાં હાલમા જે ખાસ પ્રકારની રાજ્ય પદ્ધતી ચાલુ રહી છે તેને લીધે આ તફાવત ઉત્પન થાય છે એ કોઇના પણ લક્ષમા આવવા લાયક છે "

ચોથી.

"બંગાળામા આ બોબગોળા પ્રકરણ સબધમાં જે વાતો બની આવી છે તે સારી થઇ કે માઠી થઇ તે બાબત મત જાહેર કરવા સારૂ હાલમા બંગાળામા માહે માહે કાંઇ સભાએ થાય છે—મુઝફરપુરમા બોબગોળા ફેકવાની ક્રીયા થઇ ગઇ તેને આજ સુમારે પદર દીવસ થયા આટલા દીવસ વીતી ગયા બાદ હમણા કોઇ ઠેકાણે માહોમાહે એક બે સભા દુખ જાહેર કરવા સારૂ ભરાય છે એનો સરકારે શો અર્થ સમજવો ? આ બોબગોળાના [illegible] જઇને ગમે તે [illegible] એવા પહેલા લોક મતનુ આપણને હમણા કેટલુ પીછાણ માલમ રહેલુ છે અને જે થોડુ એક રહેલુ જેવુ લાગે છે તેના પર આપણે કેટલો ભરૂસો મુકવો તે બાબત સરકારે ખુબ બારીકાઇથી વીચાર કરવા જોઇએ નહી તો હાલ ઉત્પન થએલા એનારકીસ્ટ લોકોને દાબી દેવા સારૂ કાઇ ઉપાયો લેવાય અને તે ઉપાયોથી ચીરડાઇ જઇ બધાજ લોકો સરકારપર ઉલટે એવી મુશકેલ હાલત થવાની ! એટલા સારૂ લોકમતનો સરકારે શાતપણે વિચાર કરવો જોઇએ તેથી લોકમત શુ દેખાય છે? બોબગોળા ફેકયાને પદર દિવસ થઇ ગયા તોપણ દીલગીરી જાહેર કરવાની બધી મળીને બે ચારજ મુખ્ય સભાઓ થઇ છે એ ઉપરથી લોકોની મોટી સખ્યાના જથ્થાનો મત સરકારને ઘણો કંઇ અનુકુલ છે એવું દીસતુ નથી. આ પંદર દીવસમા પદર હજાર દીલગીરી જાહેર કરવાની સભાઓ થવી જોઇતી હતી. પણ તે ક્યાં છે?

જે કેટલીક સભાઓ થાય છે તેઓ પણ જુ મનોજ સમરામ હોવો જોઇએ - એવી દીસે છે! તમે સભા બોલાવીને દિલગીરી જાહેર કરો એવું અધીકારી વર્ગ તરફથી આહાર નહીં જણાય એવી રીતે કહેવડાવવું પડે છે! તેવારે કોઇ ઠેકાણે કોઇ લોકોને દીલગીરી થવા માંડે છે! પલેનટસ લોકોની સભાએ દીલગીરી જાહેર કરી છે પણ તે યુરોપીયન લોકોનીજ મંડળી છે! મુઝફ્ફરપુરમા તા૦ ૬૦ મીએ દરભંગાના રાજાના પ્રમુખપણા નીચે, આવીજ એક દીલગીરી જાહેર કરનારી સભા થઇ પણ ખુદ મુઝફ્ફરપુરમા પણ સભા ભરાવવાને દસ દીવસ લાગ્યા, એ ઉપરથીજ તેની ખરી કીમત શું છે તે લોકો વીચારે છે મુઝફ્ફરપુરના લોકોને ખરું દુ:ખ લાગ્યુ હત અને તેઓને સરકાર સારૂ દીલસોજી લાગી હોત તો ખરી દીલગીરી અને ખરી દીલસોજીનો દસ દિવસનો અંતર કદી પણ ખમી શકાયો નહીં હોત, દરભંગાના મહારાજાને સભાના અધ્યક્ષ થયા હતા એવી વાતને પણ હવે લોકો હાલ કંઇ વજન આપતા નથી સઉને માલમ થયેલુ છે કે એ રાજાઓ અને માહારાજાઓ ઘણા પરાધીન થયલા હોય છે તેઓને જેમ ડોકુ હલાવવાને કહેલુ હોય એમ તેઓ હલાવે છે આવી સ્થીતીને લીધે, આવા મહારાજાઓના પ્રમુખપણા નીચે થયેલી વાતો એટલે તદન બનાવટ ફારસ! એવી લોકોની સમજ થઇ ગએલી છે ત્યારે, એમાં તો ખરા દુ:ખનુ એક ટીપું કોઇ ઠેકાણે જણાતુ નથી પુનાના અને બહારના મુસલીમ લીગના મુસલમાન લોકોએ, વળી એક દીલગીરી જાહેર કરવાના સમારંભ દીપાવ્યાની ખબર પ્રસીધ્ધ થઇ છે પરંતુ મુસલમાન લોક પોતાનુ કારજ સાધવા સારૂ બાહારથી ઇંગ્રેજોની, હા ઉપર હા કેવી મોકલી દે છે એની કોને ખબર નથી એવા લોકો આપણામાં ભાગ્યેજ મળશે. એવી આ દીલગીર જાહેર કરવાની હકીકત છે તમો જાણો સારૂં તો રડો એમ કહ્યા પછી દીલગીરી જાહેર કરવા સારૂં કોઇના પણ પ્રમુખપણા નીચે કોઇપણ જાતના લોકોની અને ગમે તેવડી મોટી સભા થાય તો પણ શાચાપણાની નજરે તેની કીંમત કાંઇ જેટલી પણ નથી તોપણ રાજકારણની નજરે જોતાં અને લોકોમાં આપણે માટે દીલસોજી છે એમ બતાવવાની દ્રષ્ટીએ (જોતાં) આવી બનાવટી દીલગીરી જાહેર કરનારી સભાઓની પણ અંગ્રેજોને જરૂર છે પુનામાં અમાઉ રેંડ સાહેબનું ખુન થયું તે વારે આજ પ્રમાણે કોઈ દિલગીરી દરસાવે નહી, ત્યારે ગામના બધા આબરૂદાર લોકોને એક જગાએ ભેગા કરીને "તમે દીલગીરી જાહેર કરો" એમ તે વખતના કલેક્ટર સાહેબને કહેવાની જરૂર પડી! તેવોજ પ્રકાર બંગાળામા થતો હોવો જોઇએ, એવી ઘણાની અટકલ છે પણ આવા બનાવટી લોકમતની ભાંગી તુટી દીલસોજી ઉપર પણ ઇંગ્લીશ ઇમારત કેટલા દિવસ ડોલતી રહેશે? લોકમતમા ભયંકર તફાવત પડેલો છે અત્યંત નમ્ર અરજીથી માંડીને બોંબગોળા લગી મજલ આવી પુગી છે, અને" હમો આ ગોળાઓ અમારાપર જુલમ કરનારા ઉપર વેર લેવા સારૂ અને હમારા દેશી સ્વતંત્રતા સારૂ ફેંકીએ છીએ, એમ ગોળા ફેંકનાર લોકો પોતાને મોઢે ખુલ્લું બોલે છે આ ઉપરથી શું સાફ જણાઇ આવે છે? સરકાર બાબતની બીક લોકોના મન ઉપરથી ઉડી ગઈ છે આ વાતને સાબીત કરી આપનાર એવા પ્રમાણો ઘણા મળે છે. તીનવેલીમા જે મુકરદમો ચાલે છે તેમાના એક આરોપી સુબ્રમણ્ય શીવે આ પ્રમાણે પોતાનો જવાબ લખી આપ્યો છે "હું સન્યાસી છું, અને વ્યક્તીએ અને રાષ્ટ્રે મોક્ષ મેળવવો એવો ઉપદેશ કરતો હતો રાષ્ટ્રીય મોક્ષ એટલે પારકાની સત્તા શીવાયનુ છુટાપણું છે. બહીષ્કાર નીશકૃત્ય પ્રતીકાર અને રાષ્ટ્રીય શીક્ષણ એ સ્વતંત્ર મેળવવાના માર્ગો છે વી સવાસઘાત કરીને છુરકી નાંખી અંગરેજ સરકારે હીંદુસ્થાનનું રાજ મેળવ્યું છે. મહારાણીના જાહેરનામાથી અથવા જુદા જુદા વાઇસરાયોએ વખતો વખત આપેલા વૈયટ પણ મીથ્યા પડતા

વચનોથી લોકોને ઓલ્ટા ખુશડાવવાનો પ્રયત્ન થયો છે. હીંદી લોકોએ પણ ઘણી ભુલો કરી છે એકંદર અનિષ્ટ આજુબાજુની સ્થીતિને લીધે સરકાર બદલાવી જોઇએ અથવા સરકારે પોતે બદલાવું જોઇએ, એવી લોકોને જરૂર લાગવા માડી છે વાસ્તે તેમના તરફથી સ્વતંત્ર સ્વરાજ્ય સ્થાપન્ન કરવાનો પ્રયત્ન થાય છે " આવા જવાબોથી સરકારની ઉઘાડી બેઅદબી થાય છે ! સરકારની મોટાઇ આથી ઉતરતી જાય છે ! આ સરકારી સત્તાનુ અપમાન છે ! અને આ સરકારના સામર્થ્યનુ અપમાન છે ! અને એ શીવાય લોકોમા આવા જવાબોની તારીફ કરવાની ઉલટ વધતી જાય છે ! ત્યારે આ મત્રળાનો અર્થ શુ થાય છે ? લોકમત સરકારની બાજુમા જોઇએ તેટલો નથી, એ આ ઉપરથી સાફ થતુ જાય છે એને માટેજ સરકારને અમારી એવી નમ્ર વિનતી છે કે તેમણે આવા નાજુક પ્રસગે ભળતાજ અત્યાચારના કામો કરીને લોકોને ચીડવવા નહી લોકોના મત પ્રમાણે તેમણે ચાલતુ જોઇએ તેમના મત પ્રમાણે લોકોએ ચાલવાના દીવસ હવે રહ્યા નથી લોકોના હક લોકોને જોઇએ છે અને તે સરળ માર્ગથી ન મળ્યા તો વાકા મારગે મેળવવાની લોકોની તૈયારી દીસવા લાગી છે એ જાણીને સ્વરાજ્ય જેવા મહત્વના હક્કો આપીને અગ્રેજોએ લોકોને ખુશ કરવા એજ આવા વખતે ઉચિતછે "

પાંચમી.

"ફક્ત આવુ નહી થાય તો, શકનીની પરીક્ષાનો વખત જલદીજ આવવાનો ઘણો સભવ છે લોકોના બોલવામા અને વિચારોમા મોટો તફાવત પડેલો છે ' અગ્રેજી રાજ્યથી હમને ઘણા ફાયદા થએલા છે, ' અને " અગ્રેજી રાજ્ય ઇશ્વરે હમારા ઉપર મોકલ્યુ છે " એવા વાકય બોલનારા લોકો હવે થણાજ થોડા રહેલા છે હાલની ભાષા " હમને સ્વરાજ્ય જોઇએ" અને " સ્વરાજ્ય મેળવવા સારૂ હમને સુજે તે કરીએ " એવી થઇ છે સારાશ એટલોજ મનમાની દેહસ્તનો સવાલ રહયો નથી બાહારની શકતીને [illegible] માત્ર સવાલ રહેલો આવો [illegible] (?) થાય છે પણ એ સ્થીતી સા[illegible], અને તે લોકોને રાજી રાખી અંગરેજોએ બને તેટલી જલદીથી નાબુદ કરવી, એ સઉથી સારો રસ્તો છે. રૂશીયામાં બોંબગોળા ફેકે છે, અને હીંદુસ્તાનમા હમણા બોંબગોળા ફેંકાવા લાગ્યા છે પણ આ બે દેશોની સ્થીતીમા ફરક છે. રૂશીયામાં રૂશીયન સરકારજ રાજ્ય કરે છે તે સરકાર વિરૂદ્ધ જે એનારકીસ્ટ લોક ઉભા થશે તેના વિરૂધ્ધ અને સરકારને અનુકુળ અત કરણ પુર્વક હોનાર લોક રૂશીયામા ઘણા હોવાને લીધે ત્યાની સરકારને તેટલો નૈતિક આધાર (Moral Suppert) મળે છે પણ હીદુસ્થાનમા તેટલા અનુકુળ લોકો મળશે કે નહી તે બાબત હાલની સ્થિતીમા શક ભરેલુ દીસે છે એવુ છે તોપણ જ્યારે રૂશીયામ બોંબગોળાની પછી ડ્યુમા સભા થઇ તો પછી હીદુસ્થાનના લોકને સ્વરાજ્ય મળવુ એ તો ઘણુજ જરૂરનુ છે. સ્વરાજ્ય કરતાં ઓછી બક્ષીસથી હીદુસ્થાનના લોક [illegible] અગાઉ સંતોશ પામ્યા હોત પણ તે અગાઉનો ભરૂસો આજે ઉડી ગયો છે એટલે સ્વરાજ્યના હક શીવાય બીજી કોઇ ચીજથી લોકનુ સમાધાન થશે એવો સભવ લાગતો નથી "

છઠી.

"હાલ હીદુસ્થાનમા પ્રાપ્ત થએલી સ્થીતીને સ્વરાજ્યના હક શીવાય બીજુ ઔષધ નથી, એવો સાધારણ લોકોનોજ મત છે એમ નથી, પણ સરકારના ભરૂસાવાળા મી૦ દત્ત, જેને સરકારે સ્ટેટ સેક્રેટરીની કાઉનસીલમા સલાહ લેવા સારૂ નીમ્યા છે તેઓનો પણ આવોજ મત છે હીદુસ્તાનમા એનારકીસ્ટ લોકની ધાધલ જલદીજ શરૂ થશે એવુ ભવિષ્ય મે કરેલુજ હતું એમ મી૦ રામેશચદ્ર દત્ત હાલ કહે છે, લોકોની તકરારો તરફ સરકાર બરોબર ધ્યાન આપતી નથી એવી હીંદુસ્થાનના લોકની દહાડે દહાડે પાકી સમજ થતી ચાલે છે તેને લીધે આવા બોમ્બ ગોળા જેવા પ્રકારો બની આવે છે, અને

... જેવા મહત્વના હક લોકોને મળ્યા હોય એવા પ્રકારો બંધ થવાના નથી, કેમ તેમનો મત છે. આ પોતાના સલાહકારની સલાહ તરફ મોરલી સાહેબ પોતાનું ધ્યાન લગાડશે તો મી૦ દત્તને પોતાની કૌનસીલમાં નીમ્યાનું કાંઇ પણ સાર્થક થશે. સ્વરાજ્ય મેળવવું એ જે હીંદુસ્તાનમાં ચાલતી ચળવળનો મુખ્ય મતલબમાં સમાયલો હેતુ (છે), તે નજરે જોતાં તો આપણે ત્યા અહી બોંબગોળા ફેકનારાને પણ એનાર્કીસ્ટ એ શબ્દ લાગુ પાડવો એ અન્યાય ભરેલું છે. તે ખરેખાત એનાર્કીસ્ટ નથી, અને તેમને કોઇએ એનાર્કીસ્ટ કહેવા પણ નહી એનાર્કીસ્ટ એટલે અરાજક સ્થિતિ ઉત્પન્ન કરવી એ જેનો ઉદ્દેશ હોય તે પણ આપણે અહી બારીન્દ્ર બાબુ જેવા લોકોની ઇચ્છા હીંદુસ્તાનમા કોઇ પણ રાજ્ય ન હોવું જોઇએ અને ત્યા અરાજકની અથવા બેબંદ પાદશાહીની સ્થીતી શરૂ થવી, એવી બીલકુલ નથી તેમને અરાજક સ્થિતિ નથી જોઇતી સ્વરાજ્યની સ્થિતિ જોઇએ છે ત્યારે તેમને માટે એનાર્કીસ્ટ એ શબ્દ બંધબેસ્તો નથી અને પોતાના દેશને સ્વરાજ્ય આપનારા એવા અર્થનો જો કોઇ એકાદ શબ્દ અંગ્રેજી ભાષામા હશે તો તે તેમને માટે લાગુ પડતો છે. બોમ્બગોળા ફેકવા એ સારૂં કે માઠું એ સવાલ બાજુએ મુકતાં, આટલુ તો નિર્વિવાદ છે કે, અરાજકને માટે નહી પણ સ્વરાજ્યને માટે ખટપટ કરે છે.

સાતમી.

દીલગીરી જાહેર કરનારી સભાઓનુ જે ઉપર બયાન કરેલુ છે તે શીવાય, ઢાકા, માણીકગંજ, મુર્શીદાબાદમા પણ પછાડીથી સભાઓ થયાની બાતમી આવી છે અને આ સભાઓમાં વળી એવો પણ એક ઠરાવ પસાર કરી લેવામા આવ્યો છે કે આ એનારકીસ્ટની ચળવળો દેશમા શરૂ થઇ છે તે દાબી દેવાને સરકારે મજબુત અમલ કરવો દરભંગાના મહારાજાના પ્રમુખપણાં નીચે થયેલી સભામાં એવું નક્કી કરવામાં આવેલું છે કે વર્તમાનપત્રો તથા ભાષણોથી લોકોના મનો બગડે છે માટે આવા પ્રકારના લેખો તથા ભાષણો બંધ કરવા બાબત તજવીજ કરવી. એક ઠેકાણે તો એવુ સારૂ કહેલુ છે કે, બાબુ સુરેન્દ્રનાથ બેનરજી અને બાબુ બીપીનચંદ્રપાલના જેવા ભાષણોથી આવા પરીણામો બની આવે છે અને આ બધાનો બંદોબસ્ત થવો જોઇએ એવી સરકાર તરફ સીફારસો ચાલેલી છે હાલ તુરત આ ચહાડબુચકા અને મોઢું પુજનારા લોકો તરફથી સરકાર ઉપર આવી ગાંડી સુચનાઓનો જે વરસાદ થાય છે તેમાં ગાળભેળ કાઢી નાખી તેમાથી લેવા લાયક સારનું બિંદુ શુ છે તે સમજી લેવા સારૂ સરકારને એક જુદુંજ ખાતું રાખવું પડશે એવી ધાસ્તી છે "

તે પછી મી૦ બેવન અને મી૦ ચંદાવરકરની તરફની કેટલીક વિગત સાંભળી "લાઈ નામદાર વડા મેજીસ્ત્રેટે જણાવ્યું કે બંને પક્ષ જ્યારે આ મુકરદમો સેશન્સમાં નાખવા રાજી છે તો એ મુકરદમો સેશન્સમા તપાસ માટે હું મોકલી આપીશ.

હિંદ એજન્સીના મેનેજરની જુબાની.

નારાયણ નરસુ કેલકરે મી૦ બેવનની તપાસમા જણાવ્યુ કે હું એક કલાર્ક છુ હું હિંદ. એજન્સીનો મેનેજર પણ છું, કે જે સી. પી. ટેક આગળ આવેલી છે. આ એજન્સી ચોપડી અને ન્યુસપેપરની છે આરોપીને હું પીછાણુ છુ તે 'કાળ' પત્રનો અધિપતી છે 'કાળ' પત્રની દર અઠવાડીએ ૬૦૦ નકલો મને મળે છે 'કાળ' પત્રના જુન તા૦ ૧૫મીના અંકની ૬૫૦ કોપીઓ મને મળી હતી. આ પત્રોની નકલ મને પુણાના કંપના પેકમાંથી મળે છે આ કોપીઓ મને "કાળ"ના મેનેજર તરફથી મળે છે "કાળ"ની ૧૦૦ કોપીઓ દીઠ મને એક રૂપિઓ બાર આના મળે છે આ કોપીઓ અમારી એજન્સી તરફથી વેચવામાં આવે છે તેમજ ઘરાકોને પુગાડવામાં આવે છે. જુન તા૦ ૧૫ મીના અંકની ૬૪૨ કોપીઓ અમારી એજન્સી તરફથી વેચાઇ હતી. આ પત્રની સઘળી નકલો ર

થી ૩ દીવસમાં વેચાઈ ગઈ હતી ૧૫ મી મેએ અમારી એજ'શી મારફતે વેચાયલાં પત્રોના હીસાબની આ નકલ છે આ નકલમાની એક મેં કાળના મેનેજર ઉપર મોકલી હતી સઘળી નકલના પૈસા મને મળ્યા હતા-

વધુ સાક્ષીઓ.

આનંદ લક્ષ્મણ વિષ્ણુએ મી૦ બોવનની તપાસમા જણાવ્યુ કે હુ મરાઠી બ્રાહ્મણ છુ હુ મુબઇની કલેકટરની ઓફીસમા નોકરી છુ હુ આરોપીને પીછાણુ છુ

આરોપી મુબઇ યુનિવરસીટીના એક ગ્રેડયુએટ છે અને "કાળ" પત્રના અધિપતી છે આ પત્રનુ વારસીક લવાજમ ટપાલના દર સુધ્ધા બે રૂપિયા જેટલુ છે ગઈ તા૦ ૧૫ મીના પત્રનો "કાળ" નો અંક મે વાચ્યો હતો આ પત્રના બધા અંકો ઘરાક તરીકે મને મળ્યા હતા

મી૦ ગણપત કીંણીજીએ મી૦ બોવનની તપાસમા જણાવ્યુ કે, હુ મુબઈમા ચીગુર લેનમા રહુ છુ હુ આ પત્ર ખરીદુ છુ' બે રૂપીયા લવાજમ આપુ છુ છેલ્લા બે માસથી દર શનિવારે મને આ પત્ર મળે છે હુ લવાજમ મનીઓરડરથી મોકલુ છુ પાછળથી સાક્ષીએ જણાવ્યુ કે દર વખતે એક વખત પત્ર મને વેલ્યુપેએબલ પારસલથી મોકલવામા આવે છે અને હુ તે રીતે લવાજમના રૂપીઆ આપુ છુ

આ સઘળા સાક્ષીઓની જુબાની તે પછી કારટના દુભાષ્યાએ આરોપીને મરાઠી ભાષામા વાચી સભળાવી હતી

આરોપીનો જવાબ.

કોર્ટના પુછવાથી તે પછી આરોપીએ જણાવ્યુ કે હુ મારો ખુલાસો અત્રે કરવા ચાહતો નથી હુ તે સેશન્સ કોર્ટમા કરીશ

તોહમતદાર સેશન્સ કમીટ થયો.

તે બાદ મેજીસ્ટ્રેટે આરોપી સામે હીંદી ફોજદારી કાયદાની ૧૨૪ મી એ અને ૧૫૩ મી એ કલમનો ભગ કરી પોતાના 'કાળ' પત્રના ગઇ તા૦ ૧૫મી મેના અકમા ફીતુરી લખાણ કરવાનો આ[illegible] કાંઈ પ્રથમદર્શક મુકરર થયલો [illegible] આરોપીને સેશન્સ કમીટ કીધો હતો.

શનીવાર તા૦ ૨૦ મી જુન ૧૯૦૮

ચાલુ સાલની ત્રીજી ફોજદારી સેશન્સની એક બેઠક આજે હાઇ કોર્ટમા નામદાર જડજ મી૦ દીનશાહ દાવરના પ્રમુખપણા હેઠળ મળી હતી

"કાળ" ના અધીપતીને જામીન ઉપર છોડવા થયલી અરજ.

પુણામા પ્રગટ થતા 'કાળ" પત્રના અધીપતી શીવરામ મહાદેવ પ્રાંજપેને રાજદ્રોહી લખાણ કરવાના ગુનાહ માટે વડા મેજીએ મી૦ એસ્ટને ચાલુ માસમા સેશન્સમા નોધ્યે હતો તેના તરફથી આજદીને હાઇકોર્ટમા નામદાર મી૦ જસ્ટીસ દીનશાહ દાવર સનમુખ મી૦ ઝીણા બેરીસ્ટરે હાજર થઇ તેને જામીન ઉપર છોડવા અરજ કરી હતી મી૦ ઝીણાએ જણાવ્યુ કે રાજ્યદ્રોહી લખાણ કરવા માટે વધતામા વધતી સજા જન્મ દેશનીકાલની રાખવામા આવી છે, પણ તે ઉપરથી કાંઈ એમ થતુ નથી કે તે ગુનાહ કરનાર દરેકને તેટલી સજા થવીજ જોઇએ મી૦ બાળગગાધર તીલકને એવાજ આરોપસર માત્ર ૧૮ માસના સખત કેદખાનાની સજા કરવામા આવી હતી અલબતા આરોપી સામે મેલાયલો આરોપ ઘણો ગભીર પ્રકારનો છે પણ આ મુકરદમામા તકરારી લખાણના તરજુમા સીવાય બીજી કાંઈ જુબાની પડી નથી જેથી આરોપીના ગુનાહની ગભીરાઈ સબધમા કોર્ટ કાઇ પણ તોલ કરવાને શકતીવાન થઇ શકે હુ તો આગળ વધીને એટલુ પણ કહુ છુ કે પ્રથમ દરશક પુરાવો આરોપીને કમીટ કરવા ફરિયાદ પક્ષે રજુ કરેલો નથી સામી તરફથી આરોપીને જામીન ઉપર નહી છોડવો જોઇએ એવુ કારણ બતાવનાર કાઇ પણ સોગદનામુ કર્યુ

આરોપી કોર્ટ વખતામા વખતી જે રકમ ઠરાવ કરે તેટલી રકમના સધર જામીન આપવા તૈયાર છે

સરકાર તરફથી પબલીક પ્રોસીક્યુટર મી૦ બોવનની ફરમાશથી મી૦ ઇનવેરારીટીએ ઉપલી અરજ સામે વાંધો લેતા જણાવ્યુ કે શામી તરફથી જે બીના જણાવવામા આવી છે તે ભુલ ભરેલી છે આરોપી તરફથી પ્લીડરે જે સાગદ નામુ કરયુ છે તેમા જણાવવામા આવ્યુ છે કે આરોપી મુબઈની યુનીવરસીટીનો એમ૦ એ૦ છે, લખાણુ ઉચી મરાઠી ભાષામા લખાયલુ છે અને તેમા ખરી બીના અને ઇતિહાસીક બનાવો વર્ણન કરવામા આવ્યુ છે અક ઇતીહાસીક ના રશીયામા ઉડતા બોબ અને તેની અસરથી મળેલુ ફુમાનુ રાજ્યબધારણ છે, શુ આ બાબદમા કોરટે જેવાનુ છે તે આરોપ ઉપર મેલાયલા આરોપીની ગભીરાઈ છે આ આરોપીએ આગળ પણ હાઇ કોરટને જામીન ઉપર છોડવા અરજ કરી હતી, પણ તેની તે અરજ બહાલ રાખવામા અવી નહોતી

નામદાર જડજ-તે અરજ તો મેજીસ્ટ્રેટના ચુકાદા સામે રીવીઝન તરીકે કરવામા આવી હતી

મી૦ ઇનવેરારીટી-તેમજ હતુ અને હુ કાઇ એમ કહેવા માગતો નથી કે આ અરજ સાભળવાને આ કોર્ટને સતા નથી મારૂ કહેવાનુ એટલુ જ છે કે જામીનની અરજ સ્વીકારવા પેહેલા તેના સામે મેલાયલો આરોપ કેટલો બધો ગંભીર છે તે ઉપર કોર્ટે વીચાર કરવો જેઇએ,

નામદાર જડજે ધારાના હીમાયતીઓની તકરાર સાભળી લઇ ચુકાદો આપતા જણાવ્યુ કે આરોપીને પોતાનો બચાવ કરવાની તક આપવી એ વાજબી છે હુ તેને રૂા ૧૦,૦૦૦ના હાથજામીન અને રૂા, ૭,૫૦૦ના બે જામીન લઇ છોડવાનો હુકમ કરૂ છું

સોમવાર તા૦ ૬ ઠી જુલાઇ સને ૧૯૦૮

ચાલુ સાલની ત્રીજી ફોજદારી સેશન્સની એક બેઠક આજરોજે હાઈકોર્ટમા નામદાર જડજ મી૦ દીનશાહ દાવરના પ્રમુખપણા હેઠળ મળી હતી

“ કાળ ” ના અધીપતીની શરૂ થયલી સેશન્સમાં તપાસ.

“ કાળ ” પત્રના અધીપતી, છાપનાર અને પ્રગટ કરતા મી૦ શીવરામ મહાદેવ પ્રાજપેને બ્રીટીશ હીદુસ્તાનમા કાયદેસર સ્થપાયલી સરકાર સામે લોક લાગણી ઉશ્કેરવા યા તેવી તજવીજ કરવા અને નામદાર શેહેનશાહની રૈયતના જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્મનાઈ અને ધીકારની લાગણી ફેલાવવાના યા તેવી તજવીજ કરવાના આરોપો માટે ઉભો કરવામા આવ્યો હતો સરકાર તરફથી સરકારી સોલીસીટર મી૦ બોવનની ફરમાસથી એડવોકેટ-જનરલ આ૦ મી૦ આન્સન, મી૦ ઇનવેરારીટી અને મી૦ ડી૦ બી૦ બીનીંગ હાજર થયા હતા, જ્યારે આરોપીએ પોતે પોતાનો બચાવ કર્યો હતો

આરોપી મી૦ પ્રાજપેનુ નામ પોકારવામા આવતા તે કેદીઓના પીંજરામા હાજર થયો હતો તાજના મુનશીએ તેને જણાવ્યુ કે તમારા મુકરદમાની તપાસ માટે ખાસ જુરરોના નામ પોકારવામા આવે છે, તેઓમાના જે કોઇ સામે તમને વાંધો હોય તે જણાવવુ કે તેમને બેસવા દેવામા નહી આવે

આરોપીએ પોતે કાને બેહેરો હોવાનુ જણાવ્યુ અને બારમા નજદીકમા બેઠક આપવાની અરજ કરી હતી

નામદાર જજે તે બહાલ રાખવાથી આરોપીએ બારની ટેબલ નજદીક આવી ખુરશી પર બેઠક લીધી હતી.

આ મુકરદમાની તપાસ નીચલી ખાસ જુરીની મદદ વડે ચલાવવામા આવી હતી —

ખાસ જુરી.

મી૦ જયોરજ હેનરી મેકાસલેંડ (ફોરમન)

મી૦ મહમદ યુસફ મી૦ લુઇ વીલીઅમ માઇકલ મી૦ હરબર્ટ જયોરજ કલારક મી૦ સોરાબજી દાદાભાઈ દુબાશ મી૦ એ૦ જે૦ બીલીમોરીઆ, મી૦ હઇદરઅલી ઇ૦ ઇ૦ કરવા, મી૦ જેમસ એમ૦ મેયર અને મી૦ બરજોરજી બેરામજી દુબાશ

ચેલનજ થયલા ખાસ જુરરો.

ખાસ જુરી ગોઠવવામા આવતા સરકારે નીચલા બે ખાસ જુરરોને ચેલેન્જ કરવાથી તેમને જુરીમાથી મુકત કરવામા આવ્યા હતાઃ— મી૦ શાપુરજી સોરાબજી અને મી૦ રૂસતમજી ફરામજી વાડીઆ

આ૦ મી૦ બ્રાન્સને જુરી સનમુખ રજુ કરેલો મુકરદમો.

એડવોકેટ—જનરલ આ૦ મી૦ બ્રાન્સને એ પછી સરકારે તરફનો મુકરદમો જુરી સનમુખ રજુ કરતા જણાવ્યુ કે હુ તમારો લાબો વખત રોકવા માગતો નથી, પણ આરોપી કેટલો વખત લેશે તે હુ કહી શકતો નથી જો તે ડાહયો માણસ હોય તો સઘળી જોખમદારી પોતાને માથે ખેચી લે અને લાબો વખત રોકે નહી જોખમદારી ખેચી લેવાના સબધમા મારે કહેવુ જોઇયે કે તા૦ ૧૫ મી મેને દીને કરવામા આવેલુ લખાણ જો અમે અત્રે રજુ કરવા માગીયે છીયે તેને લગતો સવળો જુમો તેને માથે છે ખુદ લખાણ બતાવી આપે છે કે આરોપી સામેનો મુકરદમો કેવો છે આરોપીનો બચાવ શુ છે તે હુ જાણતો નથી મેજીસ્ટ્રેટ સનમુખ તેને જે કાઇ કહ્યુ છે, તે પુરતુ નથી, સીવાય કે તે 'કાળ' પત્રનો અધીપતી હોવાનુ કબુલ કરે છે એ પત્ર પુના તેમજ મુબઇમા પ્રગટ થાય છે, તેટલુજ અમારે માટે પુરતુ છે હુ આગળ વધીને કહુ છુ કે આરોપી 'કાળ' પત્રનો અધીપતી હોવા ઉપરાત તેનો માલીક અને પ્રગટ કર્તા પણ છે એ પત્ર આગળ જગતહીતેચ્છુ પ્રેસમા છપાતુ હતુ અને હાલ મનોહર પ્રેસમા છપાય છે તેણે તા૦ ૨૪મી માર્ચ અને તા૦ ૩ જી એપ્રેલ ૧૯૦૩ ને દીને એના સબધમા પુના મધ્યે ડેકલેરેશન [illegible] જો તેમજ હોય ... આરોપીની [illegible] સ્થીતીમા કશો ફેરફાર નથી, વળી તા૦ ૧૫ મી મેના જે અકમા તકરારી લખાણ [illegible]વ્યુ છે, તે પત્રમા પણ ઉપર કહ્યા પ્રમાણે આરોપી જણાવે છે કે તે મજકુર પત્રનો અધીપતી, છાપનાર અને પ્રગટ કરતા છે હવે તે પ્રગટકર્તા અને માલેક નથી એવુ કહેવુ અશકય છે હવે મજકુર પત્રમા જે કાઇ લખાણ આવે તે માટે તે પોતે જવાબદાર છે શીવાય કે ચોકકસ લખાણ માટે તે જવાબદાર નથી એવુ તે બતાવી આપે પણ કાયદો તો તેને એકલાનેજ જવાબદાર ગણે છે મજકુર પત્રમા તે પોતે જે કાઈ લખે યા પત્રમા જે કાઇ આવે તે માટે તે જોખમદાર છે તેની ફોજદારી ગુન્હેગારી કાઇ કમી થતી નથી જો કાયદો આ ફીતુરી લખાણ પસાર થવા દે તો દેશને બ[હુ] ભારી પડી જાય વળી પરદેશના વર્તમાનપત્રોના તેવા ફીતુરી ઉતારા પણ તેમાથી ઉતારી લેવાય નહી તે માટે લખનારનો ફોજદારી ગુન્હાનો ઇરાદો, દેશની હાલત અને જે જાતમા એ લખાણનો પ્રસાર—[illegible] તમારે જોવાનુ છે હુ આ મુકરદમા માટે મી૦ જસટીસ સ્ટ્રેચીએ આગલા મુકરદમામા જે સ્મીગઅપ જુરીને કહી સભળાવ્યુ હતુ તે ઉપર વધારે આધાર રાખુ છુ એ સ્મીગઅપ ફુલબેન્ચ તેમજ પ્રીવીકાઉન્સીલે સ્વીકાર્યું છે અને તે પછી ફોજદારી કાયદામા છેવટનો સુધારો કરવામા આવ્યો છે તકરારી લખાણ મુંબઇમા વચાયુ હતુ અને તેથી આ કોરટની સત્તામા આ મુકદમો આવે છે એ સબધી પુષ્કળ જબાની છે કોર્ટની સત્તાનો સવાલ નકકી થયા પછી હુ બીજી બીના પર આવુ છુ આ ફરીઆદ માડવા માટે મુબઇ સરકારની પરવાનગીની જરૂર હતી, અને તે અમે મેળવી હતી, જે અત્રે રજુ કરવામા આવશે સરકારની મજુરીના પરીણામે આરોપીને મેજીસ્ટ્રેટ સનમુખ ઉભો કરવામા આવ્યો હતો જેણે તેને આ કોરટમા મોકલ્યો છે બીજો [illegible] કાયદાની જે કલમને આધારે હાલનો [illegible]

વડી કહાડવામાં આવ્યા છે, તે કલમોને લગતો છે તમારે પીનલકોડની ' ૧૨૪ એ ' અને ' ૧૫૩ એ' ઉપર ધ્યાન આપવાનુ છે બને આરોપો એક બીજાને મળતા આવે છે તમારે એ કલમોના શબ્દે શબ્દ જોવાના છે, આગલા રીતુરને લગતા એક મુકરદમામા આરોપીના ધારાના હીમાયતીએ એવી દલીલ રજુ કરી હતી કે રીતુરી લખાણ માટે અગ્રેજી કાયદા પ્રમાણે વરતવુ હું કહુ છુ કે અગ્રેજી કાયદાને અત્રે કશુ લાગતુ વળગતુ નથી તમારે અત્રેના કાયદા ઉપરજ લક્ષ આપવાનુ છે મી૦ જસ-ટીસ સ્ટ્રેચીએ એવી મતલબથી જુરીને ચેતાવી હતી

આ દેશમા બોલવાની લોકોને છુટ અને છાપામા ટીકા કરવાની છુટ ચોકસ હદ સુધીજ આપવામા આવી છે સરકાર પગલા ભરે તે ઉપર ટીકા કરવા દેવામા આવે છે, પણ તેની પણ હદ હોવી જોઇએ અત્રે મી૦ બ્રાન્સને મી૦ જસ્ટીસ સ્ટ્રેચીલ રમીગઅપ વાચવા માડયુ હતુ અને તેમ કરતા ટીકા કર્યા હતા કે કાનુની ગ્રેઅપ ફુલ બેચે તેમજ પ્રીવીકાઉનસીલે સ્વીકાર્યુ હતુ હુ તેના શબ્દો ઉપર વધારે આધાર રાખું છુ

નામદાર જડજ–તેના એક ભાગ સીવાય

આ૦ મી૦ બ્રાનસન–તેમજ છે અને તે બેદીલી ફેલાવવાની બાબત છે અને હુ તે વીશે હવે બોલવા માગુ છુ રાજ તરફ બેવફા થવા ઉશકેરી બેદીલી ફેલાવાની છે લોકોમા ખરેખરી બેદીલી ફેલાઇ છે એવુ પુરવાર કરવાની કાઇ જરૂર નથી લખાણ કરવા પછી તેનો અર્થ તમારે કરવાનો છે તેમા તેનો ઇરાદો શુ હતો તે જોવાનું છે એજ પકતીમા મુકાયલા આસામીઓ તરફથી એવી તજવીજ કરવામા આવી હતી કે એ લખાણ કરવાની મારી મતલબ આવી હતી એ તમારે જોવાનુ નથી તમારે તો તમારી સનમુખ જે કાઈ રજુ થાય તે જોવાનુ છે, 'કાળ' પત્ર પુના અને તેની આસપાસના શેહેરોમા ફેલાય છે અને ત્યા આવા તકરારી લખાણથી શુ અસર થાય તે તમારે જોવાનુ છે એથી નુકસાન શુ કરવા ધાર્યુ છે, તે તમારે જોવાનુ છે

ત્યારે કાઈ ચોકસ વાક્ય ઉપરથી લખનારનો ઇરાદો જોવાનો નથી પણ આખા લખાણ ઉપરથી જોવાનો છે, અને તે પછીજ તે ઉપર તમારે સપૂર્ણ અને છુટા મનથી વીચાર કરવાનો છે એક વખત એવો ખ્યાલ લઈ જવામા આવ્યો હતો કે ઉશ્કેરણીભરી લાગની ફેલાવવાની તજવીજ ઉપરાત તેવી તજવીજને ફત્તેહ મળી છે કે નહી તે જોવુ જોઇએ, હુ કહુ છુ કે તેમ કહેવુ તદન ભુલ ભર્યું છે આરોપીએ વાપરેલા શબ્દો તમારે જોવાના છે હવે તેને ફત્તેહ મળી છે કે નહી તે જોવાનુ નથી સરકારને લાગેવળગે છે ત્યા સુધી તો તકરારી લખાણ સબધી છે કાયદાની કલમ ખુલ્લી છે તેમા હુલ્લડ યા તોફાન વીશે કશો ઇસારો નથી કાયદામા એવુ કાઇ નથી કે હુલડ યા તોફાન થાય તોજ લખનારને પકડવો એટલા માટે હુલડ અને તોફાન ઉશકેરવાની તજવીઝ પુરવાર કરવાની કાઈ જરૂર નથી મારે તમારૂ વધુ અગત્યની બીના ઉપર ધ્યાન ખેચવાનુ છે તે એ કે ફરીયાદ હસ્તી ધરાવતી હોય તે ખરી હોય યા ખ્યાલી હોય કે જે ઉપર લખાણનો આધાર બાધવામા આવ્યો હોય છતા પણ તે કાઇ બચાવ કહેવાય નહી ફરીયાદ ખરી પણ હોય છતા ૧૨૪મી ' એ ' કલમ મુજબના આરોપમા તેવો બચાવ ટકી શકે નહી, એમ કાયદો કહે છે માજી વડા જડજ સર લોરન્સ જેનકીન્સે પણ એ ઠેકાણે પોતાનુ તેવુ મત જાહેર કર્યુ છે તમારે તકરારી લખાણની ભાશા જોવાની છે, મારી દલીલો કાઈ ખ્યાલી નથી, પણ આ કોરટના મુકરર થયલા કાયદા કાનુનોને અનુસરતી છે મારે તમને એટલુજ કહેવાનુ છે કે અગ્રેજી કાયદાથી તમારે દોરવાઈ જવુ નહી, યાને હીદ માટે નીરમાણ થયલા કાયદાને બહાર જવુ નહી ૧૮૯૮ પહેલા કાયદા સબધી ચોકસ બાબતમા મતફેર હતા અને તેના પરીણામે કાયદામા સુધારો કરવામા આવ્યો હતો મી૦ જસટીસ સ્ટ્રેચીએ જે વિચારો દરશાવ્યા હતા, તે કાયદામા સમાવવામા આવ્યા છે બેદીલીનો અર્થ બેવફાદારી ફેલાવવાની ચોક્ખ લાગણીની હાજરી

થાય છે. આ મુકરદમામા તેમજ હવે પછી નીકળનારા મુકરદમામા ઘણોજ અગતનો સવાલ સમાયલો છે તે જાહેર પ્રજા માટે, જરનાલીસ્ટો માટે તેમજ સરકાર માટે એક સરખી અગત્યતા ધરાવે છે ભાષણ અને લખાણના છુટા પણા માટે પ્રમાણીક જરનાલીઝમનુ રક્ષણ કરવાને તાજ તૈયાર છે હવે તકરારી લખાણ કાદાયની ૧૨૪ એ અને ૧૫૩ એ કલમમા આવે છે કે નહી તેનો આધાર તમો તકરારી લખાણ જેવી રીતે મનમા લેખો તે પર રહે છે હુ તકરારી લખાણ ઉપરાત એજ પત્રના તા૦ ૨૯ મી મે અને તા૦ ૫ મી જુનના અંકોપર પણ આધાર લેવા માગુ છુ એમ કરવામા મારી મતલબ એ છે કે તા૦ ૧૫ મી મેનુ લખાણ કરતી વેળા આરોપી શુ ઇરાદો ધરાવતો હતો તે દેખાડી આપવાની છે

નામદાર જજ—એ બે લખાણો નીચલી કોર્ટમા વચાયા છે અને પુરાવા તરીકે રજુ થયા છે?

આ૦ મી૦ બ્રાન્સન–રજુ થયા નથી,પણ તેમ કરવાની અમે આરોપીને નોટીસ કરી છે કે અમે તેનો ઉપયોગ કરવા માગ્યે છીયે

નામદાર જડજ–ત્યારે તમો આરોપવાળા તકરારી લખાણનેજ વળગીને બોલો

આ૦ મી૦ બ્રાનસન–આરોપીના બચાવ માટે ધારાનો હીમાયતી હાજર નથી અને તેને હુ કોઇ પણ રીતે નુકસાન કરવા માગતો નથી તમો નામદારની સુચનાથી હુ પછવાડેના બે લખાણો ઉપર બોલતા હાલ તુરત અટકીશ અને તે પુરાવા તરીકે રજુ થવા પછી તે ઉપર હુ જબાની લેવાયા પછી જે કાંઈ બોલવુ હશે તે બોલીશ

અત્રે જુરીના ગ્રહસ્થોને તકરારી લખાણનો હાઇકોરટે કરેલો તરજુમો આપવામા આવ્યો હતો અને એડવોકેટ–જનરલે આરોપીથી જાણવા માગ્યુ હતુ કે તે સામે તેને કાંઈ વાંધો છે કે? આરોપીએ તેનો નકારમા જવાબ આપ્યો હતો

નામદાર [illegible] જણાવ્યુ કે તેમા કાઇ પણ ભુલ હશે તો તે ઉપર ધ્યાન ખેંચી શકાશે

આ૦ મી૦ બ્રાનસને આગળ ચાલતાં જણાવ્યુ કે આરોપી તરફથી કોઇ હાજર થયલું નહિ હોવાથી મારી સ્થીતી ઘણી નરમ થઇ પડી છે મારી સ્થીતી એવી થઈ છે કે કોરટને ખરા એ પટર લાવવા તજવીજ કરવી જો આરોપી તકસીરવાર ઠરાવવો જોઇતો નહી હોય તો હુ કાંઈ તેને તકસીરવાર ઠરાવવા માગતો નથી અને તેવાજ વીચારથી હુ હવે તકરારી લખાણ ઉપર આવીશ, તકરારી લખાણમા સરકાર તરફ ધીક્કાર બતાવવામા આવ્યો છે તમારા મનમા એમ લાગે કે તેમા તેવુ કશુ નથી તો આ મુકરદમો પડી ભાગે છે પુરાવો પુરતો હોય તો તમો આરોપીને તકસીરવાર ઠરાવજો

અત્રે મી૦ બ્રાન્સને તકરારી લખાણ વવા માડી તે ઉપર ટીકા કરતા જણાવ્યું કે આ લખાણમા શું સુચના કરવામા આવી છે, તે તમારે જોવાનુ છે તેમા એવુ જણાવવામા આવ્યુ છે કે દેશીઓને જલદીથી, ઇનામો [illegible] દેવામા સરકાર છુપી નેમ ધરાવે છે કે ડફરપોરના બોબના બનાવના સબંધમા કહેવાતા બોંબ ફેકનારને પકડવામા પોલીસે જે ભાગ ભજવ્યો છે, તેઓને ઇનામો કવખતે આપી દેવામા સરકારની નેમ વાજબી નથી તેમા વધુ એવુ આળ મુકવામા આવ્યુ છે કે આરોપીને પકડવામા યુરોપીયન પોલીસ અમલદારનો હાથ હતો, તેની જગા દેશીઓને આપવામા સરકારની છુપી નેમ હતી તેમા એવી ખુલી સુચના કરવામા આવી છે કે દેશી પોલીસ પોતાના દેશીઓને પકડાવી દેવામા દેશ તરફ દગલબાજી રમી છે એ સુચના આગળ ચાલના વધુ ગભીર રૂપ લેતી ગઇ છે તેમા આગળ વધીને જણાવવામા આવ્યુ છે કે કેદીઓને પકડવામા દેશીઓનો હાથજ નહોતો યુરોપીયન પોલીસે એ ધરપકડ કરી હતી દેશી પોલીસે આરોપીઓને પકડયા હના એમા સચાઇ નથી આરોપીઓને પકડનારા યુરોપીયન પોલીસ અમલદારોને પડતા રાખવામાં આવ્યા છે એ લખાણનો ભાવાર્થ એ સિવાય બીજો થતો નથી.

હવે બાજી આરટીકલમા જીલ્લાકલેકટરના અમલદારને દેશી પોલીસ સાથ સરખાવ્યો છે, જીલ્લાકલેકટરના અમલદારને લડાઇને લગતા નકશાઓ દુશ્મનને આપી દેવા માટે કરવામા આવતી સજા દેશી પોલીસના અમલદારોને પણ દેશ તરફ દગલબાજ નીવડયા માટે કરવી જોઇએ. એવી સુચના કરવામાં આવી છે દગલબાજીનું સીદ્ધાત કેવુ વર્ણવામા આવ્યુ છે તે તમો જોઈ સકશો તેમાં એવુ જણાવવામા આવ્યુ છે કે આખા હીંદમાં કાંઈ ગભરાટ ફેલાયો નથી અને હીંદ સરકાર કહેવાતી નામની સભાઓ બોલાવવાને ફરજ પાડે છે અને મુઝફરપોરના બનાવ તરફ દીલગીરી બતાવવાનુ સુચવે છે મુઝફરપોરનો બનાવ પછી છેક ૧૫ દીવસ રહીને એવી જાહેર સભા મળી હતી એ બતાવી આપે છે કે આવા બનાવો તરફ લોકો કાંઈ દરકાર કરતા નથી એમ તકરારી લખાણમા સુચવવામા આવ્યુ છે એમ લખવામા લખનારની લાગણી રાક્ષસના જેવી છે એમ કહેવામા તેનો ઇરાદો લોકોને ઉશ્કેરવાનો નહી હતો તો બીજો શુ ઇરાદો હતો તે હુ સમજી શકતો નથી વળી તકરારી લખાણમા આગળ વળી એટલે સુધી સુચના કરવામા આવી છે કે એ અગ્રેજ સ્ત્રીઓના ખુન થયા તેવા ઘાતકી ખુનોની વીરૂદ્ધ તેનો દેશ નથી, અને જાહેર સભાઓ બોલાવી સરકાર ફારસ કરાવે છે આવુ કહેનારને શરમ હોજો લખનાર છેવટે રશીઆમા બોબ છુટવા પછી ડુમા (પાર્લામેંટ)નો હક મળ્યો હતો એવુ જણાવી ઉમેરે છે કે હીંદુસ્તાનમા પણ બોબ છુટવા પછી સ્વરાજ્ય મળશે આટલુ જ કહેવુ તેને તકસીરવાર ઠરાવવા માટે પુરતુ છે, તકરારી લખાણ કાયદાની ચુગાલમા આવે છે, એમાં તો કાંઇ સવાલજ નથી. તકરારી લખાણ માટે આરોપી કાયદેસર જવાબદાર છે, હવે હું જબાની લઉશ

મી૦ ભાસ્કર વીશનુ જોશીએ મી૦ બીનીંગની તપાસમા જણાવ્યુ કે હુ દશ વરસ થયા ઓરીએન્ટલ ત્રાન્સલેટરની આફીસમા છુ, હુ બ્રાહ્મણ છુ અને મારા બાપ મરાઠા છે આરોપી ઉપર કામ ચલાવવાની પરવાનગી ઉપર સરકારનાં સેક્રેટરી મી૦ ક્વીનની સહી છે તા૦ ૧૫ મી મેનું કાળ પત્ર હુ રજુ કરૂં છુ મે તેનો તરજુમો કીધો છે વળી હાઈ કોર્ટના ત્રાનસલેશન ખાતા તરફથી તરજુમો કરવામા આવ્યો છે તે મારી પાસે છે તે મે વાચ્યો છે અને તે ખરો તરજુમો છે, કાળની તા૦ ૨૦ મી મારચની નકલ મને મારી આફીસમાં મળી હતી મારી ઓફીસમા જે સઘળા વર્તમાનપત્રો આવે છે તેમા જે અગત્યનુ હોય તેનો તરજુમો કરવાનુ મારૂ કામ છે. તેમા અધીપતીના છુટાછવાયા વીચારોનો મથાળાં હેઠળના લખાણનો મે તરજુમો કરયો છે તા૦ ૨૯ મી મેના કાળના અંકનો પણ મેં તરજુમો કરયો છે વળી તા૦ ૫ મી જુનના અંકમા જે લખાણ આવ્યુ છે તેનો પણ મેં તરજુમો કરયો છે, તેનુ મથાળુ "હીંદુસ્તાનમા બોબ ગોળા આવવાનુ મુળ કારણ અગ્રેજો પોતેજ" છે

ઉપલા લખાણો મી૦ બીનીંગે પુરાવામા રજુ કરયા હતા પણ આરોપીએ તે સબંધમા કાંઇ પણ ઉલટપાલટ તપાસ ચલાવવાની ના પાડી હતી

હીંદ એજન્સીના મેનેજર નારાયણ કેલકરે મી૦ બીનીંગની તપાસમા જણાવ્યુ કે, મારી એજન્સી ચોપડીઓ ઉપરાત વર્તમાનપત્રો વેચે છે કાળની અઠવાડીએ ૬૫૦ નકલ મને મળે છે છેલ્લા ચાર પાચ માસ થયા હુ કાળ પત્ર વેચુ છુ મને ૧૦૦ નકલનો રૂા ૧-૧૨ આપવા પડે છે જ્યારે છોકરાઓને હુ આનાની ત્રણ નકલ તરીકે તે વેચું છુ

આ સાક્ષીની ઉલટપાલટ તપાસ ચલાવવામા આવી નહોતી

મુંબઇના કલેકટરની ઓફીસના કલાર્ક મી૦ અનંત લક્ષ્મણે મી૦ બીનીંગની તપાસમા જણાવ્યુ કે, તા૦ ૨૫મી મેની કાળની નકલ મને મળી હતી કાળનો હુ દશ વરસ થયા ઘરાક છુ મને ટપાલ મારફતે મુંબઈમાં કાળપત્ર મળે છે.

મી૦ ગણપત કૃષ્ણાજી પટેલે પણ કાળ પત્ર પોતાને મળવાને લગતી જુબાની આપી હતી

અત્રે મી૦ બીનીંગે જણાવ્યુ કે ફરિયાદ પક્ષનો મુકરદમો પુરો થયો છે

મી૦ બ્રાન્સને જણાવ્યુ કે કાળ પત્ર મનોહર છાપખાનામા છપાતુ હતુ તેને લગતા સાક્ષીઓ પુણેથી અત્રે આવી પુગેલા છે તેઓ સવારના આવ્યા નહોતા

મી૦ જસટીસ દાવરે જણાવ્યુ કે ફરિયાદ પક્ષે મુકરદમો પુરો કીધેલો જણાવ્યો છે અને તેથી ખરી જરૂર નહોય તો તેને લગતો પુરાવો પાછળથી રજુ કરવો

મ૦ બ્રાન્સને જણાવ્યુ કે આરોપીને સજા થાય તો તે છાપખાનુ જપત કરવા માટે અરજ કરવા સબધમા તે જુબાની અગત ધરાવે છે

નામદાર જડજે જણાવ્યુ કે તેવી અરજ કરવાની હોય ત્યારે તે પુરાવો રજુ કરવો હાલ હુ મી૦ બ્રાન્સનની અરજને લગતી નોધ લેઉ છુ

નામદાર જડજે આરોપીને પુછ્યુ કે પડેલી જબાની પર તમો કાઇ ખુલાસો કરવા માગો છો ?

આરોપી—હુ ખુલાસો કરવા માગુ છુ

નામદાર જડજ—તમારો ખુલાસો લખેલો છે ?

આરોપી—હા

નામદાર જડજ—ત્યારે તમો તે જુરી સનમુખ વાચી સંભળાવો અને પછી તે મને આપો

અત્રે આરોપીએ નીચલો લેખીત ખુલાસો વાચી સભળાવ્યો હતો

આરોપીનો લેખીત ખુલાસો.

હુ શીવરામ મહાદેવ પ્રાજપે તે હાલના મુકરદમાનો આરોપી નીચે મુજબ જણાવુ છુ:— પુના મધ્યે દર શુક્રવારે સવારના પ્રગટ થતા વર્તમાનપત્ર ' કાળ 'નો હુ અધીપતી, પ્રગટ કર્તા અને માલેક છુ અને તેમ હોવાથી એ પત્રમા પ્રગટ થતી સઘળી બાબતોની કાયદેસરની જોખમદારી સ્વીકારૂ છુ મારા પત્રની નેમ હમેશા મારા દેશ વતનીઓની હાલત સુધારવામાં મદદ કરવાની છે, હાલના મુકરદમામાં આવેલી તકરારી આર્ટીકલોના સબધમા હું કબુલ કરૂ છુ કે તેમા મારા પ્રમાણીક વીચારો જણાવ્યા છે અને તે વીચારો મજકુર આર્ટીકલોમાં દર્શાવતા મે કદીપી વીચાર્યુ ન હતુ અને હજીપી હુ વીચારતો નથી કે તેમ કરવામા મેં બ્રીટીશ ઇડીયાનો કાઈ પણ કાયદો તોડયો હોય ચોકસ સરકારી કામો સામે ટીકા કરવા અને અઠવાડીક બાબતો અને લોકોના સામાન્ય વીચારો દરશાવવાનો મે તેમા ઇરાદો રાખ્યો હતો હું ખચીત જ માનતો હતો અને હજી પણ માનુ છુ કે પોલીસ અમલદારોને ચોકસ વખતે ઇનામે આપવામા ઉતાવળ કરવામા આવી હતી અને તે પગલુ ભરવામા સારી સલાહ મળી નહોતી બોબ ગોળાના બનાવને લગતો સભા ઉપરની હુ અંતઃકરણ પુર્વક માનું છું કે હીંદુસ્તાનના નુકતેચીનીમા સરકાર તે દાબી દેવાના પગલા ઓ ભરવામા આડે મારગે દોરવાય નહી તે માટે સરકારને ચેતવણી આપવાની નેમ વામા આવી હતી

લોકોને ગજદવારી હકો આપવાથી પ્રજાનો અન તોશ શાન પાડવાનો એકલો ઇલાજ છે તકરારી લખાણુમા એ શીવાયની જે બીજી બાબત સમાવવામા આવી છે તે મુખ્ય અનુમાન પુરવાર કરવાને માત્ર મદદ કરનારી છે પોલીસ અમલદારો અને મોટા અધીકારીઓ સામેની મારી નુકતેચીનીઓ તેઓના ઓધારૂપી કામોની ઉપર રચાયલી છે અને તેથી કરીને કોમો વચે કોઇ પણ જાતની દુશમની ઉભી કરે એમ ગણી શકાય નહી આથી હુ જણાવુ છુ કે મારી સામે મેલવામા આવેલા બને આરોપોમાથી મને મુકત કરવો જોઇએ

અત્રે નામદાર જડજે સેશન્સ આજદીનપર મુલતવી રાખી હતી

પોલીસ બંદોબસ્ત.

આ મુકદમા દરમ્યાન કોર્ટમા લોકોની ગીરદી ન થાય અને કોર્ટના કામમા ખલલ નહી પુગે

માટે મુંબઇની સીટી પોલીસ કોર્ટના મકાનમા અંજ બહાર સારો બંદોબસ્ત રાખ્યો હતો

મંગળવાર તા૦ ૭ મી જુલાઇ ૧૯૦૮

ચાલુ સાલની ત્રીજી ફોજદારી સેશન્સની એક બેઠક આજ દીને હાઇકોર્ટમા નામદાર જડજ મી૦ દીનશાહ દાવરના પ્રમુખપણા હેઠળ મળી હતી

"કાળ" ના અધીપતીની શરૂ થયલી તપાસ.

આરોપીએ કીધેલો પોતાનો બચાવ.

આ મુકરદમાની તપાસ નીચલી ખાસ જુરીની મદદ વડે ચલાવવામા આવી હતી —

ખાસ જુરી.

મી૦ જ્યોર્જ હેનરી મેકોસલેડ (ફોરમેન) મી૦ મહમદ યુસફ, મી૦ જુઝ વીલીઅમ માઇકલ, મી૦ હરબર્ટ જ્યોર્જ કલાર્ક, મી૦ સોરાબજી ...ાલાભાઇ—દુબાસ, મી૦ એ૦ જે૦ બીલીમોરીઆ, મી૦ હેદરઅલી ઇ૦ ઇ૦ કરવા, મી૦ જેમ્સ એમ૦ મેયર અને મી૦ બરજોરજી બેરામજી દુબાશ

આ૦ મી૦ બ્રાન્સનનુ સમીંગઅપ.

સરકાર તરફથી આ૦ મી૦ બ્રાન્સને પડેલી જબાનીનો સાર જુરીને કહી સંભળાવતા જણાવ્યુ કે ગઇ હાલે મે તમો સનમુખ લબાણુ ભાષણ કર્યું છે, અને તમો સાભળી ખુશી થશો કે હુ આજે લબાણુ કરવા માગતો નથી હુ તમોને એટલુંજ કહુ છુ કે તકરારી લખાણુ આખુ લઇ પછી જુઓ કે તે કાયદાની ૧૨૪ એ અને ૧૫૩ એમા તેનો સમાવેશ થાય છે કે નહી? આરોપીનો એ લખાણ કરતી વેળા ઇરાદો શુ હતો તે તમારે જોવાનુ છે. તમે એવા ઠરાવ ઉપર આવો કે લોકોમા બેદીલી ફેલાવવામા સરકાર સામે બેવફા થવાને ઉશ્કેરણી કરવામા આવી છે અને કોમ કોમ વચ્ચે અથડામણુ કરવાની તજવીજ કરવામા આવી છે તો તમો આરોપીને તકસીરવાર ઠરાવજો તમોને તમારા અનુમાનપર આવવા માટે તકરારી લખાણુ તમારા હાથમા મુકવામા આવ્યા છે, તે વાચવાની તમને તક મળશે મારે માટે એટલુજ જરૂરનુ છે કે વાધા ભર્યા ફકરા કયા છે તે ઉપર તમારૂં ધ્યાન ખેંચવુ અને વીગતમા ઉતરવુ નહી તા૦ ૫ મી જુનનુ લખાણુ તમારા હાથમા મુકવામા આવ્યુ છે તેની શરૂઆતમા જણાવવામા આવ્યુ છે કે હીંદુસ્તાનમા બોંબ આવવાનુ શરૂઆતનુ કારણુ અંગ્રેજોજ છે તેમા એવી સુચના કરવામા આવી છે કે અંગ્રેજો ગભરાટમા પડયા છે હુ કહુ છુ કે એ તો લખનારનો ખાલી ખ્યાલ છે આ શુ હીંદુસ્તાનમા બેદીલી ફેલાવવાની તજવીજ કહેવાય નહી? એવા લખાણુ તરફ આખ વીચામણા કરવામા નફતાઇ કહેવાય એ લખાણુમા કેરહારડી વીશે ઇસારો કરવામા આવ્યો છે છેવટે ઉમેરવામા આવ્યુ છે કે રશીઆની જુલમી રૂથી અખત્યાર કરવી એવી સુચના કરવામા આવી છે કે અંગ્રેજ સરકાર રશીઆન સરકાર જેટલી જુલમી છે, માટે રશીઅન રૂઢી અખત્યાર કરો અને હીંદુસ્તાનમા બોંબ ફેંકો વળી જવાનયાઓના શીક્ષણુમા ફેર પડયો છે, આગળ જવાનયાઓ સીવીલ સરવીસ અને બાર માટે અભ્યાસ કરવા વીલાયત જતા હતા, પણુ હાલ તેઓ બોંબ બનાવવાનુ શીખવા યુરોપ જાય છે આ ફેરફાર ખુદ અંગ્રેજોનેજ આભારી છે સરકાર મરકી, દુકાળ, બંગાળાના ભાગલા વગેરેનુ કારણુ છે, અને તેના પરીણામે દેશપર આફત આવી પડી છે એ સઘળા માટે અંગ્રેજોને ઠપકો આપવો ઘટે છે એ સઘળુ લખાણુ શું બતાવે છે? એ લખાણુ શું કાયદાની ચુગાલમા આવતુ નથી? તમારી સનમુખ ચાર લખાણો છે, તે પહેલેથી છેલે સુધી વાચજો હુ એમ કહેતો નથી એક વાકય વાચો યા એક વાધાભરયો શબ્દ આવ્યો છે તે વાચો તેમ કરવા પછી તમો તમારા છેવટના અનુમાન પર આવજો જો આરોપીનો બચાવ ધારાના હેમાય

…ગીએ કરયો હતે તો મારે કાંઈ કહેવાનુ રહેતે નહી જો આરોપી એમ ધારતો હોય કે રાજય દ્વારી તકરાર લાવી તમારા મન ઉપર અસર કરૂ તો નામદાર જડજ તેવી કશી પણ તજવીજ કરતા અટકાવશે

આરોપીએ પોતાના બચાવમાં કરેલું ભાશણ.

આરોપી મી૦ પ્રાજપેએ એ પછી પોતાના બચાવમા જણાવ્યુ કે હું સારી પેઠે જાણુ છુ કે એડવોકેટ-જનરલે જે ચેતવણી આપી છે તે આપવાની કાંઈ જરૂર નથી આ ન્યાયની કોર્ટ છે કે જયા હુ પોતે ઇન્સાફ મેળવવા આવ્યો છુ વકીલ નહી રોકવામા મારો ઇરાદો એવો નહી હતો આવુ આળ મુકવામા આવશે એવી મે કદી આશા રાખી નહોતી હુ કાઇ વકીલ નથી પણ યુનીવરસીટીનો ગ્રેજ્યુએટ છુ અને તમારા જેવોજ એક સાદો પુરૂશ છુ મારો વીચાર એવો છે કે આ મુકરદમામા કાયદાની બાબત ધણી છે, પણ મુકરદમાનો મોટો ભાગ તકરારી લખાણુ સબધી છે અને તે વીશે મારા વીચારો શુ છે તે દરશાવવાની જરૂર છે એટલાજ માટે મે વકીલને રોકયો નથી, મને એવો ખ્યાલ આવ્યો છે કે મે જે કાંઇ લખયુ છે તે હુ પોતે ઘણી સારી રીતે સમજાવી શકુ, અને લખાણુ કરવામા મારો ઇરાદો શુ હતે તે દેખાડી આપુ હુ મુકરદમાની બાબત રજુ કરીશ. અને કાયદા સબધી વીચાર નામદાર જડજ આપશે નામદાર જડજનો મને પુરતો વીશવાસ છે અને તે નામદાર સરકાર તેમજ આરોપી તરફના ખ્યાલોનુ સમતોલપણુ દેખાડી આપશે મારી ખાત્રી છે કે મને નામ૦ કોર્ટ ઇન્સાફ આપશે અને તે ઇન્સાફ મારા દેશને માટે અને મારા દેશવત્નીઓ માટે હુ મેળવીશ મારા ચારે લખાણુ તમો એકવાર વાચશો નહી પણ ઉપરાચાપરી વાચી જોશો અને પછી છેવટના અનુમાનપર આવશો જો તમો એવા અનુમાનપર આવો કે મે ફીતુરી લખાણુ કર્યું છે તો અલબતા તમો તેવો ફેંસલો જાહેર કરજો અને તેની શીક્ષા ખમવાને તૈયાર છું. પણ જો તમો એવા અનુમાનપર આવો કે હુ પ્રમાણીક માણુસ છું, અને પ્રમાણીક નીષ્ટાથી મે સરકારના કામકાજપર નુકતેચીની કરી છે તો પછી તેનો લાભ તમો મને આપશો આ મુકરદમામાં ફરીયાદ પક્ષે મારાં લખાણુની ફોજદારી નેમ બતાવી આપી નથી. કાયદો કહે છે કે જ્યાં ફોજદારી ઇરાદો હાજર નહી હોય ત્યા કોઇ પણુ કામ ફોજદારી કહેવાય નહી તમો મારા ચારે લખાણો વાચો અને પછી જુઓ કે તેમા કાઇ ફોજદારી ગુનાહનો ઇરાદો હતો કે ? મારો ઇરાદો ભલો હતો અને લખાણુમા મે સરકાર તેમજ પોલીસને ચોકસ ચીજ કરવાની અરજ કરી હતી હાલ જે ગભીર મામલો થઈ પડયો છે તે સબધી સરકાર અને સરકારી અમલદારો સનમુખ મારા વીચારો રજુ કરવાની મે મારી ફરજ સમજી છે સરકારને તેનો ઇલાજ લેવા પગલા ભરવાની ભલામણ કરી છે જો લખાણુનો સાર એવોજ આવે તો પછી હુ અત્રેથી છુટો થવાનો હક ધરાવુ છુ દેશની હાલત સુધારવી હોય તો તે કોણે સુધારવી જોઇએ ? દેશના ભલા માટે ખરા જુમેદાર આસામી કોણ છે કે દેશને સુધારી શકે ? હુ કહુ છુ કે તે સરકાર છે હુ માત્ર એક આસામી છુ અને દેશને સુધારવા સરકારને હુ મારા વર્તમાન પત્ર મારફત અપીલ કરતો રહ્યો છુ તેવી અપીલ કરવા મે ભુલ કરી હોય અને તે માટે તમે મને તકસીરવાર ઠરાવો તો હું તેનુ પરીણામ ભોગવવાને તૈયાર છુ તમે આ ગ્રેજો તેમજ મારા દેશી બધુઓ મારી તપાસ માટે બેઠા છો અને તમને સર્વને તમારા દેશ માટેનો ચાહ છે દેશ તરફ ચાહ દેખાડવો તે બીન હાસલે દેશની સેવા બજાવવા બરાબર છે જે દેશમા આપણે જન્મીયા હોઇયે તેનુ ભલુ કરવાને આપણે સઘળા તૈયાર હોઇયે છીયે હુ કહુ છુ કે દેશની સેવા બજાવવી તે કાંઈ ગુનાહ નથી દેશની સેવા બજાવવાની જે લાગણી માણુસમા પેદા થાય છે, કે તે દેશ માટે કંઇ કરી બતાવવા ઇચ્છે છે, અને તેમ કરવામાં તેને

રકારને અપીલ કરવી પડે છે, સરકાર પોતે પણ ભુલ કરે છે અને તેવા ભુલના આ દાખલા છે સરકાર કંઇ પરમેશ્વર નથી, તે આપણી માફક માણસ જાત છે, હુ મારા દેશનુ ભલુ કરવાની લાગણી ધરાવુ છુ હુ તમો સનમુખ મારા દેશની હાલત તકરારી લખાણુ મારફતે રજુ કરૂ છુ, અને એક અધિપતી તરીકેની તે મારી ફરજ છે તે કોણ નાપાડમે? વર્તમાન પત્રનુ કામ શું છે? સરકારના વીચાર લોકોને જણાવવા અને વરતમાનપત્રો ચલાવવાનો એ એક મુખ્ય નીયમ છે અને તે નીયમને શુ તમો ફોજદારી ગુનાહ ગણવા માગો છો જો ઇરાદો ભલો હોય તો તે કાંઈ ફીતુરી કહેવાય નહી મારી સામે એવો આરોપ મેલવામા આવ્યો છે કે મે લોકોમા બેદીલી ફેલાવી છે કાયદો કહે છે કે નજીવી ચીજપર ધ્યાન આપવુ નહી શબ્દ કોષમા 'એક્ષાઇટ' નો અર્થ એવો કરવામા આવ્યો છે કે મજબુત ઉશકેરણી ફેલાવવા કે જેથી હો હો થઇ રહે મે કાંઈ તેવુ કીધુ નથી બોમ્બનુ નામ આવ્યુ ત્યા તે શબ્દનો ઘણો કુઉપયોગ કરવામા આવ્યો તેથી કાંઇ ચોકી જવાનું નથી મેં મારા લખાણમા તો એવુ સુચવ્યું છે કે લોકોએ બોમ ફેકવા નહી અને સરકારે યોગ્ય પગલા ભરવા મારે અત્રે કબુલ કરવું જોઇએ કે એડવોકેટ–જનરલ આ મુકરદમામા ઘણી ભલી રીતે વરત્યા છે તમારે તકરારી લખાણના માત્ર ચોકસ ફકરાઓપર આધાર રાખવો નહી, લખનારની સામાન્ય મરજી યા મતલબ શુ હતી તે તમારે જોવાનુ છે, લખાણમા સરકારને જુલમી પગલા નહી ભરવાને લલચાવવાની તજવીજ કરવામા આવી છે લોકો અસંતોષી બન્યા છે અને વધુ સખ્ત પગલા ભરવાથી લોકોના દીલ ઉઠી જશે એવા લખાણુ કરવા તે શુ ફીતુરી કહેવાય કે? દેશમા અશાતી ફેલાઈ છે તે બીના કોણ કબુલ કરતુ નથી? ખુદ અંગ્રેજો કબુલ કરે છે કે દેશમા અશાતી છે હવે કરવુ શુ તે રહ્યુ છે એનો ઇલાજ સુચવવાનો છે અને અમે કહો છીયે કે લોકોને હક આપો

અમારૂ કહેવુ એવુ છે કે લોકોને રાજ્ય દ્વારી હકો આપવાથીજ અસરકારક ઈલાજ લેવાઇ શકાશે દેશની હાલત ખુલાસાવાર જણાવવામા આવે અને લોકો શુ હક માગે છે તે બતાવવામા આવે તે રીતીને તમો શુ ફીતુરી લેખશો? જો તેમજ હોય તો પછી વર્તમાનપત્રવાળાઓએ પોતાની ઓફીસો બંધ કરવી જોઈએ હું મારા દેશના ભલા માટે મારી ફરજ બજાવવાનો હક માગુ છુ અને કહુ છુ કે કોઈપણ અંગ્રેજ કરતા હુ પોતે મારા દેશની સ્થીતી વધારે સારી રીતે સમજી શકુ છુ હુ મારા પોતાના માટે સરકાર પાસ તેમજ લોકો પાસ કશુ માગતો નથી દેશની ફરજ બજાવવા જતા અમારા હાથ આવી રીતે બાંધી લેવામા આવે, આવી હરકતો નાખવામા આવે તો પછી વર્તમાનપત્રો ચલાવવાની જરૂર શી છે? મારા લખાણની મુખ્ય ધારણા વચલે વાધેના પગલા ભરવા સરકારને લલચાવવાની છે હાલમા હીંદુસ્તાનમા અશાતી ફેલાઈ છે અને તે સબંધી હીંદી વજીર લોર્ડ મોરલીએ બોલતા જે ઉદગારો જણાવ્યા છે તે કાંઈ અમો વર્તમાન પત્રવાળાઓના વીચારથી જુદા નથી લોર્ડ મોરલી પોતે કહે છે કે 'આપણે હીંદની રૈયતને કેળવણી આપી છે અને તેના પરીણામે તેઓમા જે ઇચ્છા પેદા થઈ છે તે માટે તેમને સંતોષ આપવોજ જોઇયે' એજ પ્રમાણે મારૂ પણ કહેવુ છે કે આપણે કાંઇ ઇલાજ સોધી કહાડવો જોઇયે અને દેશમા શાતી ફેલાવવી જોઇયે પ્રમાણીક દેશીઓ પણ જે માગે છે તે દેશમા શાતી ફેલાવવી જોવા માગે છે એ પગલુ માત્ર સરકારનાજ લાભ માટે નથી પણ રૈયતના લાભ માટે છે એકદમ સખ્ત પગલા ભરવાથી કાંઇ વળવાનુ નથી રૈયતને કોઈ જાતના હક બક્ષવા જોઇએ મારા લખાણુ મારા ખુલાસા પછી વાચી જુઓ અને તેના ભાવારથ હું કહુ છુ તેવો થાય છે કે નહી તેનુ સમતોલ કરી જુઓ રૈયતને હક મલશે તો શાત પડયા વગર રહેશે નહી મારા લખાણમા તેવીજ ધારણા રાખી હોય તો પછી મને બીન તકસીરવાર ઠરાવવો જોઇયે મે કાંઈ

સરકાર સામે ફીતુર ઉશ્કેરવાનુ કરવુ નથી. એ લખાણ સરકાર સામે દુશમનાઇ ભરયા હોય તો મીત્રાચારી ભર્યા લખાણ શાને કહેવા તે હુ સમજી શકતો નથી મારા પત્રમા દરઅઠવાડીયે બનતી બીનાઓપર હુ મારા વીચા રજુ કરૂ છુ ' મને ખરાબ ટેવ પડી ગઈ છે કે બીનાઓને બીજા સાથ ભેળી દઈ એક લખાણ કરવુ અને તે માટે મને ઘણુ ભોગવવુ પડયુ છે માલદાના અમલદારનો બનાવ તકરારી લખાણ વખતેજ બન્યો હતો તેને મુઝફરપોરના ઇનામના બનાવ સાથ ભેળી નાખવામા આવ્યો છે અઠવાડીયા દરમ્યાન બનેલા બનાવોપર નુકતેચીની કરવી તે કાંઈ ગુનાહ કહેવાય નહી સરકારે મુજફરપોર ઓમના બનાવના સબધમા જે ઇનામો એકલા દેશીઓને વહેચી આપવા અને તે પણ મુકરદમાનુ છેવટ આવ્યા આગમજ તે ઉપરની મારી ટીક પ્રમાણીક નીંદાથી કરવામા આવી છે એજ અરસામા "ટાઇમ્સ ઓફ ઈંડીયા ' નો કલકતાનો ખબરપત્રી જણાવી ચુકયો છે કે, આરોપીઓને પકડવામા મી૦ આરમસ્ટ્રોગનો મુખ્ય હાથ હતો જો તેમજ હતુ તો પછી ઇનામની ટીપમાથી તેનુ નામ બાકાત સા માટે રાખવામા આવ્યુ તે સમજી શકાતુ નથી આરોપીઓને પકડવામા યુરોપીયન અમલદારોની ચતુરાઇ હતી તે કોઇથી ના પાડી શકાવાનુ નથી સરકાર પક્ષે મારા લખાણની પોતાની બાજુ બતાવી છે, ત્યારે મારી પણ ફરજ છે કે તેની બીજી બાજુ શુ છે ? સ્રીઅન અને હીંદી સરકાર વચ્ચેનો તફાવત દેખાડવામા આવ્યો છે, પણ લખાણ કરતી વેળા મારા મનમા તેવુ કશુ નહોતુ સભાઓના સબધમા મારા ટીકા ખરા છે, તે કોઇથી ના પાડી શકાવાનુ નથી સભાઓમા દીલગીરીના ઠરાવો પસાર કરવામા આવે તે સામે કોઇને વાંધો નથી, પણ સખત પગલા ભરવાને સરકારને અરજ કરવાના ઠરાવો પસાર કરવાનુ તે સભાઓનુ કામ નહોતુ સખત પગલા ભરવાના ઠરાવની અમે વચ્ચે આવ્યા અને તેમ કરવાની અમારી ફરજ છે લોકોમા ફેલાયલી અશાતી કાંઈ સખ[illegible] ભરવાથી નરમ[illegible] ની નથી [illegible] સુચવવાને કોઇ બેઠુ તો બહાર આવ[illegible]થી રસ્તાના બેગારીઓ કે કામદારો [illegible]ના નથી, પણ કેળવાયલા દેશીઓ એકલા બહાર આવી શકશે એજ દેશીઓ હક મેળવવા ઘુમરાણ કરી રહ્યા છે કેળવણી મળ્યા પછી અમને શુ જોઇએ અને શુ નહી જોઇયે તે અમે સમજવા લાગ્યા છીયે કેળવણી ખામી ભરી હોય તેમા કસુર કોણનો તે કહેવાનુ અમારૂ કામ નથી સરકારે અમને કેળવણી આપી છે અને અમારી આખ ઉઘાડી છે અમે હક માગીયે છીયે જો આવીજ સ્થીતી હોય તો અમે વર્તમાનપત્રવાળાઓ બહાર આવી તે હકો માગીયે છીયે દીલગીરી જાહેર કરવા મળેલી સભા આગળીપર ગણાય તેટલી હતી, અને તે વિષે જે ઇસારો કરવામા આવ્યો છે તે કોઇપણ ખોટો પાડી શકશે નહી એ બહુ સાબેતીઓ છે અમે સ્વરાજ્ય માગયે છીએ અને તે હક આપવો કે નહી આપવા યા એ હકક આખો આપવો કે થોડે ભાગે આપવો તે સરકારનુ કામ છે [illegible] સાથ હીંદને સરખાવવામા આવ્યુ છે, તે ખોટુ કર્યુ નથી રસીઆમા બળવ છુટયા પછી ડુમા (પારલામેંટ) નો હક મળ્યો તે કોઇથી ના પાડી શકાશે નહી એવુ કહેવામા આવ્યુ છે કે મે મી૦ ગોમેરાચદ નંદની બદનક્ષી કરી છે, હુ કહુ છુ કે મે તેવુ કશુ કર્યુ નથી મી૦ નંદે હગલદને ઝીનારે ઉતારતા જે વીચારો જણાવ્યા છે, તે ઉપર મારી ટીકા છે સ્વરાજ્યનો હક માગીયે તે કાઇ "એનારકી" કહેવાય નહી ભારાણ કરવાના છુટાપણાથી ઇગલડમા રેફરમેશન થયુ હતુ પરીણામમા લોકોને 'રીવોલ્યુશન ' તેમજ ' રેફરમેશન' થી લાભ થયા હતા ફરીઆદ પક્ષે એવો કશો પુરાવો રજુ કર્યો નથી કે મે જે બનાવો દરશાવ્યા છે તે ખોટા છે

ટીફીન પછી કોર્ટ બેસતા મી૦ પ્રાજપેએ પોતાના બચાવમા જણાવ્યુ કે મારા લખાણની તેમના કારણ મે દર્શાવ્યા છે હવે સજોગ

હું આવુ છુ બગાલમા બોમ્બ છુટવાનો સેનસીપ બનાવ બન્યો છે હાલ અહી જે રીતુરી લખાણના મુકદમાઓ ચાલે છે, તે મારા મત પ્રમાણે બગાળમા બોમ્બ છુટવાને પરીણામે છે બગાલમા બોમ્બ છુટા છે, પણ મુબઇ ઇલાકામા તેવું કશુ નથી અલબતા સામાન્ય અશાતિ છે, અને તેમ હીદમા સઘળે છે અહી સઘળુ શાત છે એટલાજ માટે હુ કહુ છુ કે સરકારે અત્રે એ મુકદમાઓ માડવા જોઇતા નહતા અમે કાઇ બોમ્બ ફેકવાની ઉશ્કેરણી ફેલાવતા નથી મારા લખાણમા તેવુ કશુ બતાવવામા આવ્યુ નથી આપણો ઇલાકો શાતી ભોગવે છે આ બનાવના સબધમા આપણે નશીબ વાળા છીયે અહી કોઇ ખુદીરામ નથી, અને તેટલાજ માટે કહુ છુ કે આ મુકરદમા ચલાવવા જોઇતા નહોતા રીતુર ફેલાવવાનો મારો ઇરાદો ન હતો બેકન કહે છે તેમ અશાતીનુ કારણ દૂર કરવા સરકાર તેમજ રૈયતના લાભ જાળવવા મે લખાણ કરયા છે અને દેશની સેવા બજાવ્યા સીવાય મે બીજુ કશુ કરયુ નથી

નામદાર જડજનુ ફેસીલી ગ-અપ.

નામદાર મી૦ જસટીસ દાવરે એ પછી પોતાનુ સમ-અપ વાંચી સભળાવતા જણાવ્યુ કે મારેજ કાંઈ કહેવુ છે તે ઉપર તમો લક્ષ આપશો એવી આશા રાખુ છુ ગઇ કાલે આરોપી તરફથી ધારાના હીમાયતની હાજરી નહી થયો તે વેળા મને દીલગીરી પેદા થઇ હતી, પણ તેણે જે રીતે મુકરદમો રજુ કર્યો છે તે જોતા તેણે ઘણી જ ઉતમ રીતે રજુ કર્યો છે અને મારી દીલગીરી હવે દુર થઈ છે જો આરોપી નીરદોષ હોય તો તેને નીરદોષ ઠરાવજો અને તકસીરવાર હોય તો તેમ ઠરાવજો તમે અત્રે સોગંદ ઉપર બેઠા છો અને જાતીબધુના ગભીર વાક માટે તપાસ ચલાવો છો તો, તેવા સમયે તમે જાતી લાગણી ભુલી જશો જે કાંઈ બાહાર સાભળ્યું હોય યા વાચ્યુ હોય તે મનમાથી કહાડી નાખજો અને પછી રજુ થયલા પુરાવાપર નકી છેવટ ઉપર આવજો કાયદામા મારા ઉપર તેમજ તમારા ઉપર ખાસ ફરજ નાખી છે, તમે એડવોકેટ જનરલ તેમજ આરોપીનુ બનેનુ કહેવુ શુ છે તે તમોએ સાભળ્યુ છે મારી ફરજ તમને કાયદો સમજાવવાની અને ખરી બીનાઓ દરશાવવાની છે બીનાઓ તમારી સન્મુખ રજુ થઇ છે તકરારી લખાણ તમારા કબજામા છે હવે મુશકેલી જેવુ કશું રહયુ નથી તમારે કોઇપણ રીતે ગેરવાજબી જવુ નહી આરોપી સામે ફોજદારી કાયદાની જુદી જુદી બે કલમો પ્રમાણે કામ ચલાવવામા આવ્યુ છે અને તે કઇ કલમ પ્રમાણે તકસીરવાર ઠરે છે તે તમારે જોવાનુ છે આરોપીએ સઘળી જોખમદારી ખરા માનસાઈ ખવાસથી ઉપાડી લીધી છે તમારે જે જોવાનુ છે તે એ કે આરોપીએ ૧૨૪ એ કલમનો ભગ કર્યો છે કે નહી ? લોકમા બેદીલી ફેલાવવાની તજવીજને ફતેહ મળી છે કે નહી તે જોવાનું નથી, પણ તેવી તજવીજ થઈ છે કે નહી તે જોવાનુ છે બેદીલીનો અર્થ સરકાર સામે લોકોને બેવફા બનાવવાની છે વર્તમાનપત્રવાળાઓને સરકારના કામકાજ સામે ટીકા કરવાનો હક છે તેમા તેઓ સખત ભાશા વાપરી શકે પણ તે ભાશા એવી નહી જોઇયે કે જેથી લોકોમા બેદીલી ફેલાય અત્રે નામદાર જડજે જુરીને કાયદા સબધી સમજણ આપી હતી અને તેમ કરતા જુદા જુદા મુકરદમાઓની સાહેદો ટાકી બતાવી જણાવ્યુ કે રીતુર અને બેદીલી શાને કહેવી એ બાબતો ઉપરથી જણાઇ આવે છે એ પછી નામદાર જડજે તકરારી લખાણ ઉપર આવતા જણાવ્યુ કે તેની નકલ તમારા કબજામા છે અને તે તમો આખી વાચ્યા પછી છેવટના અનુમાનપર આવજો હુ માત્ર ચોકસ ફકરાઓ ઉપર મને બાજુ રજુ કરીશ, તે સ્વીકારવી કે નહી તે તમારુ કામ છે લખાણ તમારે વાચવુ અને પછી તેની અસર શુ થાય છે તે તમારે જોવાનુ છે એ લખાણ વાચનાર મોટે ભાગે મરાઠાઓ છે, તેઓમા એ લખાણ વાચવાથી શુ અસર થાય તે તમારે જોવાનુ છે તમારે તકરારી લખાણ ઉપર મુખ્ય આધાર રાખવાનો છે જો તમને

તે પર શક લાગે તોજ તે પછીના રજુ થયલા લખાણ ઉપર તમારે જવાનુ છે આરોપીએ ખુલ્લાસો કરયો છે અને પોતાના લખાણનો ભવારથ વીગતે દરશાવ્યો છે આરોપીનુ કહેવાનુ હુ સમજ્યો છુ તે કહે છે કે આખા અઠવાડયાના બનાવો ભેગા કરી તેપર તે ટીકા કરે છે મુઝફ્ફરપોરના ધનામની અને માલટાના અમલદારને થયલી સજાની બાબત ભેગી કરી દીધી મુઝફ્ફરપોરના બનાવ સંબધી આરોપીએ દલગીરી જાહેર કરી છે તે જોઈ હુ ખુશી થયો છુ, પણ તે દીલગીરી તેના લખાણમા છે કે નહી તે તમારે તપાસવાનુ છે ઇનામો સબધી ટીકાના સબધમા આરોપીએ ટીકા કરી છે મુઝફ્ફરપોરમા બોબ ફેંકી બે બાનુઓના જાન લેવામા આવ્યા છે, તે ગુનોહ ઘણો નીચ છે સરકારે ઈનામો જાહેર દેવાના સબધમા આરોપીની તુકતેચીની વ્યાજબી રચાયલી છે કે નહી તે તમારે જોવાનુ છે એમા સરકારની છુપી નેમ વીષે ટીકા કરવામા આવી છે હવે લખનારે માલટાના અમલદારને માલટાના બચાવનો પલાનો વેચી નાખવા માટે જે સજા સુચવવામા આવી હતી, તેવીજ સજા મુઝફ્ફરપોરનો ગુનાહ કરનાર,આરોપીઓને પકડવામા દેશી સીપાઇઓને પોતાના દેશ તરફ દગલબાજ બનવા માટે સુચવવામા આવી છે એ બદલ આરોપીએ લખાણ ખુલાસો કર્યો છે, તે સ્વીકારવો કે નહી તે તમારે જોવાનુ છે આરોપીએ બનારસના મુકદ્દમાનો ફકરો ટાકી બતાવ્યો છે જે માટે તે જોખમદાર છે એ મુકદ્દમામા તેમજ કલકત્તાના એક મુકદ્દમામા સ્વરાજ્યનો અર્થ જુદી રીતે કરવામા આવ્યો છે મધરાસના મુકદ્દમામા સ્વરાજ્યનો અર્થ એવો કરવામા આવ્યો છે કે પરદેશી રાજ્યની હુકુમતમાથી મુક્ત થયલુ સ્વરાજ્ય જોઇએ છે હવે એ પરદેશી રાજ્ય કોણ છે ? અલબત્ત અગ્રેજ રાજ્ય કલકત્તાના મુકદ્દમામા તેવો અર્થ કરવામા આવ્યો નથી, પણ તેનો અર્થ બ્રીટીશ રાજ અમલ હેઠળનુ હોમરૂલ એવો કરવામા આવ્યો છે આરોપીએ ખોલાસો કર્યો છે તે કેટલેક દરજ્જે વાજબી છે કે મોટા હકો માટે હોહા કરવાથી થોડા ઘણા બી હક મલે પણ એ લખાણનો અર્થ તમારે કરવાનો છે આરોપી વાજબી કહે છે કે હીદીવાનો કાંઇ એનારકી માગતા નથી. પણ સ્વરાજ્ય માગ્યે છીયે પણ બોબ વીશેનો ઇસારો તમારે જોવાનો છે

અત્રે વખત થઇ જવાથી વધુ તપાસ મુલતવી રહી હતી

ગુરૂવાર તા૦ ૯ મી જુલાઇ ૧૯૦૮

ચાલુ સાલની ત્રીજી ફોજદારી સેશન્સની બેઠક ગઇ કાલ દીને હાઈકોર્ટમા નામદાર જડજ મી૦ દીનશાહ દાવરના પ્રમુખપણાં હેઠળ મળી હતી

'કાળ' ના અધીપતીની પુરી થયલી તપાસ.

જુરીએ તોહમતદારને અપરાધી ઠરાવી દયા બતાવવાની કરેલી ભલામણ.

ઓગણીસ માસની સખ્ત કેદખાનાની સજા.

'કાળ' પત્રના અધીપતી, છાપનાર અને પ્રગટ કરતા મી૦ શીવરામ મહાદેવ પ્રાજપેને બ્રીટીશ હીદુસ્તાનમા કાયદેસર સ્થપાયલી સરકાર સામે લોક લાગણી ઉશ્કેરવા યા તેવી તજવીજ કરવા, અને નામદાર શેહેનશાહની રૈયતના જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્મનાઇ અને ધીક્કારની લાગણી ફેલાવવાના યા તેવી તજવીઝ કરવાના આરોપો માટે ઉભો કરવામા આવ્યો હતો સરકાર તરફથી સરકારી સોલીસીટર મી૦ બોવનની ફરમાસથી એડવોકેટ--જનરલ આ૦ મી૦ બ્રાન્સન, મી૦ ઇનવરારીટી અને મી૦ ડી૦ બી૦ બીનીગ હાજર થયા હતા, જ્યારે ,આ-આરોપીએ પોતે પોતાનો બચાવ કર્યો હતો,

..ા મુકરદમાની તપાસ નીચેની ખાસ જુ-
ની મદદ વડે ચલાવવામા આવી હતી:—

ખાસ જુરી.

મી૦ જ્યોંજ હેનરી મેકોસલેડ (ફોરમેન), મી૦ મહમદયુસફ, મી૦ લુઈવીલીયમ માઇકલ, ..૦ હરબટ જ્યોજ કલારક, મી૦ સોરાબજી દા-..ભાઇ દુબાશ, મી૦ એ૦ જે૦ બીલીમોરીઆ, મી૦ હઇદરઅલી ઈ૦ ઈ૦ કડવા, મી૦ જેમસ એ મ૦ મેયર અને મી૦ બરજોરજી બેરામજી દુબાશ

નામદાર જજનું સ્મીંગ-અપ.

નામદાર જડજે પોતાનુ અધુરૂ સ્મીગઅપ આગળ ચલાવતા જણાવ્યુ કે મારે આજે ત-..ને થોડુક કહેવુ છે ગઇ કાલે તમને નહી ..કવાની અને આજે અત્રે બોલાવવાની મારી ..ુખ્ય નેમ એ હતી કે તકરારી લખાણ ઉપર ..ુરતો વીચાર કરવાને તમને વખત મળે અને આરો-પીએ પોતાની તરફેણમા જે જુદી જુદી બીના-ઓ જણાવી હતી, તેપર નીરાતે વીચાર કરવા-ની તક મળે હુ તકરારી લખાણપર બોલુ તે ..મારે તમને જણાવવુ જોઇએ કે તમારે ..શબ્દો ઉપર પુરતુ લક્ષ આપવુ, તેમા .. ..ાને એક બે વાકયો ઉપર આરોપીએ તમારૂ ધ્યાન ખેચ્યુ છે, તેના ઉપર ધ્યાન આપવુ હુ ધારૂ છુ કે તેપર તમારૂ ધ્યાન ખેચવામા તે વાજબી છે કે મરાઠીમા તેણે ચોકસ શબ્દો વાપર્યા છે, જે તેની તરફેણમા વધુ જતા હોય યા ઓછા પણ જતા હોય એ નકકી કરવાનુ કામ તમારૂ છે તમારે આખુ લખાણ સામટુ લક્ષમા લેવાનુ છે, અને તેમ કર્યા પછીજ એ લખાણથી તમારા મનપર કેવી અસર થાય છે તે જોવાનુ છે યાદ રાખજો કે તમારે તકરારી લખાણ ઉપરજ માત્ર ધ્યાન આપવાનું છે એ લખાણ કરવામા આરોપીની મતલબ અને ધારણા હોય જે તદન ખરી હોય જે લખાયુ છે અને છપાયુ છે તે સાથજ આપણને સંબંધ છે કે જે પ્રગટ થયલા લખાણથી મરાઠા વાચનારાઓ ઉપર કેવી અસર થાય છે, તેમની લાગણી ઉશ્કેરાય તેવ તેમાં લખાણ છે કે, યા તેવાં લખાણ વાંચવાની અસરથી તેઓ સરકાર સામે બેદીલી અને બે વફા થા-થાય કે અને કાયદેસર સ્થાપાયલી બ્રીટીસ સરકાર સામે ધીકાર ઉત્પન્ન કરે કે તે તમારે તપાસવાનું છે રઇયતને સરકારના કામકાજ ઉપર યોગ્ય હદમા રહી નુકતેચીની કરવાની દરેક છુટ છે તેમનાપર અકિકશ મુકવોનો સરકારને કાઇ હક નથી, પણ જ્યા વાંચનારા યા સાભળનારાઓની લાગણી ઉશ્કેરાય તેવુ કામ કરવામાંઆવે ત્યા વચ્ચે આવવાને સરકારને દરેક હક છે કાયદો કહે છે કે તેમ કરવાને કોઈ કોઇ પણ માણસ હક ધરાવતો નથી મારે તમને ફરી યાદ આપવી જોઇયે કે બીજાં લખાણોના સબધમા કાઈ આરોપી ઉપર આરોપ મુકવામા આવ્યો નથી પણ લખનારનો તકરારી લખાણ કરવામા ઇરાદો હોવો જોઇયે તે તપાસ માટે તમો એ બીજા બે લખાણો ધ્યાનમા લઈ શકો. તેમાના એક લખાણમા તીનેવેલી મધે થયલા હુલ્લડ વીશે ઇશારો કરવામા આવ્યો છે. તેમાં ચોકસ નામો વીશે પણ ઇશારો કરવામા આવ્યો છે હવે એ લખાણ વાચવાથી મરાઠા વાચક વર્ગપર કેવી અસર થાય તે તમારે વીચારવાનુ છે એ લખાણ વાચવાથી લોકો હુલ્લડ મચાવે કે 'એજ લખાણમા બ્રીટીશ રાજ અને બ્રીટીશ સતા વીશે નુકતેચીની કરવામા આવી છે છેવટે દુકાળ વીશે બોલતા લખનાર કહે છે કે અંગ્રેજોના લોભને લીધે દુકાળ પડે છે, અને જો અગ્રેજો કાઈ ગોઠવણ કરે તો દેશમા દુકાળ પડે નહીં હવે દુકાળ પડતો અટકાવવાનુ અંગ્રેજ સરકારની સત્તામા છે કે નહી તે તમારે જોવાનુ નથી લખનાર માનતો હોય કે તેના મનમા રમતા ચોકસ પગલા ભરવાથી સરકાર દેશમા દુકાળ પડતો અટકાવી શકે એમ પણ બને કે અંગ્રેજોના લોભથી તેવા પગલાં ભરવામા અટકાવ થતો હોય તમારે જે તપાસવાનુ છે તે એજ કે એવા ફકરો લખવાથી વાચક વર્ગના મનપર કેવી અસર થવી જોઇએ વળી એ પણ તમારે જોવાનું છે કે 'કાળ'

હૈ અંગ્રેજ અથવી આરેવીકલો, શાંત
મનના માણસોના વાંચવા માટે લ-
ખવામાં આવી હતી કે જેઓ તે વાચીને
તેનાં ખરાં ખોટાંપણાં ઉપર વીચાર કરવા બેસે
બનવાજોગ છે કે એ લખાણ અભણ માણસો-
ના વાચવામા આવે અને તેથી તેમની લાગણી
સરકાર સામે ઉશ્કેરાય બીજા લખાણમા બોંબ
વીશે ઇશારો કરવામા આવ્યો છે, અને છાપા
દ્વારે જેમ નુકતેચીની થાય તેમ બોંબના સવાલ
ઉપર પણ નુકતેચીની કરવામા આવી છે એમા
જરનેલીસ્ટો સખત નુકતેચીની કરી શકે પણ
તે એવી નહી હોવી જોઇયે કે ફીતુરના આરોપમા
આવી શકે નુકતેચીની કરવાને કાયદો કાંઈ વાંધો
લેતો નથી, પણ જ્યા બેદીલી ફેલાય અને લોકો-
ની લાગણી સરકાર સામે ઉશ્કેરાય એવુ લખા-
ણ કરવામા આવે ત્યા કાયદો વચે આવે છે
આરોપીએ કરેલી નુકતેચીનીમા, લોહી ચુસવાની
અને રાજકારોબારની જુલમી રીતી એવા શબ્દો
વાપરવામા આવ્યા છે, તે કેવી મતલબથી વા-
પરવામા આવ્યા છે તે તમારે જોવાનુ છે અ-
લબતા એવા શબ્દો નુકશાન કર્યા વગર પણ
વાપરી શકાય તે કોઇથી ના પાડી શકવાનુ
નથી આપણને કાઇ રાજદ્વારી નુકતેચીનીમા
ઊતરવાનુ નથી રાજદ્વારી નુકતેચીનીથી દેશને
લાભ થાય છે કે નુકસાન થાય છે તે અહી
જોવાનુ નથી કેર હારડીએ જે કાઇ કહ્યુ હોય
તે ઉતારી લેવુ અહી નુકસાનકારક થઇ પડે
એ ઉતારાથી અહીની રૈયતપર કેવી અસર થા-
ય તે તમારે જોવાનુ છે હાર્ડિન્ડમેન
ઇગ્લંડમા જે કાંઈ લખે તે માટે તેના સામે
ત્યા કામ ચલાવવામા નહી આવે, તેની સાથ
આપણને કાંઈ સબધ નથી પણ તેના લખા-
ણના ઉતારાથી મુબઇમા શુ અસર થાય તે
જોવાનુ છે તા૦ ૫મી જુનના છેલ્લા લખાણમા
પણ ચોક્કસ વાંધા ભર્યા ફકરા આવ્યા છે આ-
રોપી કહે છે તેમ તે પણ આખુ વાચજો અને
પછી તે પર ગોર કરજો, તેમા એક ઠેકાણે એવુ
કહેવામા આવ્યુ છે કે ફાસીએ જજો ફાસીએ
શુ કરવા જાય? ખુન જેવાં આરોપો કરે
આવે તોજ ફાસીએ જવાય તેમાં વધુ એવું
જણાવવામાં આવ્યુ છે કે હીંદી જવાનો સીવીલ
સરવીસની પરીક્ષામાં જવાને બદલે બોંબ બ-
નાવવાનુ શીખવા હવે યુરોપ જવા લાગ્યા છે
અને તેઓ ફાસીએ જવાનુ પસદ કરે છે હવે
એ લખાણ ઉશ્કેરણી ભર્યા છે કે નહી તે ત
મારે જોવાનુ છે લખાણની અધવચમાં ખુદીરામ
બોઝનુ નામ વાપરવામા આવ્યુ છે. તેમ
જણાવ્યુ છે કે પૈસા અને સલાહથી ખુદીરામ
બોઝ જેવા છોકરાઓને તૈયાર કરો ખુદીરામ
બોઝનુ નામ આજ કાલ બધે બોલાય છે તમે
જાણો છો કે તેને સજા થઇ છે અલબત
અપીલનુ કામ નીકળનાર છે, તેની સાથ
આપણને કશુ લાગતુ વળગતુ નથી પણ
આગેવાનો પૈસાની મદદ આપી ખુદી
રામ બોઝ જેવા છોકરાઓને કામે
લગાડે તે તરફ પસદગી દેખાડી શકાય કે
ગૃહસ્થો હુ તમને વધુ વાર રોકવા માગતો નથી
અને એકવાર ફરી આગ્રહપૂર્વક કહુ છુ કે
હારની બીના ઉપર કશુ ધ્યાન આપશો
આરોપી કેળવણી લીધેલો માણસ છે તે
મોભા ધરાવે છે અને આ તપાસના પરીણામ
ઉપર તેની જીંદગીનો આધાર છે તે પોતાને
મરજીમા આવે તેમ પોતાનો બચાવ કરવાને
હક ધરાવે છે તેણે પોતાનો બચાવ વણીજ સ
રસ રીતે કર્યો છે એમ હુ હીમતથી કહુ છુ
તેણે લખાણ કરવામા પોતાનો હેતુ
શુ હતો તે તમને જાહેર કીધો છે તે
નો ખરો ઇરાદો શુ હોવો જોઇએ તે તેના બીજા
પછવાડેના એ લખાણપરથી તેણે જે ખુલાશો
કરયો છે, તે તમારા ધ્યાનમા લેજો સૌથી
છેલ્લુ લક્ષ તમારી સન્મુખના મુખ્ય સવાલ
પર આવજો તમો ધારો કે તમારી સન્મુખ
રજુ થયલો પુરાવો આરોપીને તકસીરવાર ઠર
વવા માટે પુરતો છે તો તકસીરવાર ઠરાવજો
અને એમ લાગે કે પુરતો નથી તો તમે તેને
બીન તકસીરવાર ઠરાવજો આરોપી સામેનો બીજો

...ના છે. તે યુરોપીયન અને દેશી ... વચ્ચે અથડામણ કરવાનો છે જો તમને લાગે કે એ આરોપ પણ પુરવાર થયો છે તો તેમ જણાવજો અને પુરવાર નહીં થયલો જણાય તો તેને બીન તકસીરવાર ઠરાવજો બન્ને આરોપ જુદા છે અ અને તે પર જુદુ જુદુ લક્ષ આપી છેવટપર આવજો હુ તમને છેવટે આગ્રહપુરવક જણાવુ છુ કે તમો એકમત થઇને તમારો ચુકાદો જાહ વજો હુ તમને ઉતાવળ કરવા કહેતો નથી તમારે માટે વીચાર કરવાને વખત પુરતો છે મેં તમને ચોકસ ભલામણો કરી છે તે સ્વીકારવી કે નહી તે તમારૂં કામ છે

અત્રે બરાબર ૧૨ વાગે જુરી મસલત કર ... ઉઠી હતી

જુરી મસલત કરી બરાબર ૨ વાગે પાછી ...રી હતી

તાજના મુનશી–(ફોરમેનને) તમો એકમત થયા છો ?

...–નહિ

મુનસી–કેઇ તરફેણમા કેટલા મત ... હુ જાણવા માગતો નથી, પણ ... રીતે વહેચાઇ ગયા છો તે જણાવો

ફોરમેન–૫ વીરૂદ્ધ ૪

નામદાર જડજ–તમે એકમતપર આવો તેવી કાંઇપણ વકકી છે ?

ફોરમેન–હા, નામદાર તેવી વકકી છે તે ચોકસ શરતે તે એવી શરતે કે જુરી જે આકારમા પોતાનુ વરડીકટ આપે તે આકારમા કોરટ સ્વીકારે તો સઘળા એકમત થયા છીએ

નામદાર જડજ–તે આકારમા તમો તદન એકમત થયા છો ?

ફોરમેન–હા, નામદાર

નામદાર જજ–તમો તે એક કાગળપર લ...ી મને જણાવશો ?

ફોરમેન–હા, નામદાર

અત્રે ... તેનુ વરડીકટ

નામદાર જજ ... ણાવ્યુ કે હુ એ ... અને તે જાહેર કરવામ... એ તમે વાચી સભળાવો

તાજના મુનશીએ અત્રે વાલ કરયો કે તમો એક મત ...

ફોરમેન–હા

જુરીનો અભીપ્રાય.

ફોરમેને અત્રે જુરીનો એકમતી ... જાહેર કર્યો હતો કે જુરીએ આરોપીને ... તે તેના ઉપર મુકવામા આવેલા બને આ... માટે તકસીરવાર ઠરાવ્યો છે પણ જુરીનો ... મત એવા અભીપ્રાય ધરાવે છે કે આરોપીએ સ્વદેશાભીમાની જુસ્સાથી ઉશ્કેરાઇને એ લખાણ કરીયા હતા અને તેટલા માટે જુરી તેના તરફ રહેમદીલી દેખાડવાથી ભલામણ કરે છે,

અત્રે તાજના મુનશીએ કોર્ટના દુભાષીઆ મારફત આરોપીને જુરીનો અભીપ્રાય જણાવ્યો હતો

આરોપીને ૬ માસના સખત કેદમાં નાની સજા.

નામદાર જડજે એ પછી આરોપીને કોર્ટે તરફથી સજા કરતા જણાવ્યુ કે આરોપી તમારા જેવી કેળવણી લીધેલા અને તમારી હાલની સ્થીતીએ પુગેલા આસામીઓને જોતા મને કેટલુ દુખ થાય છે તે કહેવાની જરૂર નથી મને બીહક છે કે તમારા લખાણથી જુરીનુ વરડીકટ શુ આવવુ જોઇએ તે માટે કાંઇ શક રહેવા ન હતો તે અભીપ્રાયથી કાયદો ઇન્સાફી છે એમ પુરવાર થયુ છે કાઠેની સજા કોઇ વેર લેવા જેવી નથી તમને યાદ હશે અને જાણતા હશો કે કાયદા પ્રમાણે તમને દેશનીકાલની સજા થાય યા લાબી મુદતની સજા થાય. અત્યાર સુધી આ હાઇકોર્ટે પોતાની સનમુખ આવેલા દરેક મુકરદમામાં ઘણીજ નરમાસથી કામ લીધુ છે એવી મતલબથી કે આરોપીએ

... નહી. કરે
... ની ગેર સમજુતી
... છે અને તે ગંભીર
... આવી નથી, અને
... ર થઇ નથી અઇ કાલે મેં
... બચાવ કરતાં સાંભળ્યા હ
... ; મને એવો ભાસ આવ્યો કે
... રી લખાણ કરે એવી મને અજાય
... વે તમે એવીજ રીતે નહી વર્તશો એવી
... સંજોગો વચ્ચે હું જે સજા કરવા ધારૂં છુ
... ધારવા પ્રમાણે ઘણીજ નરમ છે મને જુ-
... દયા બતાવવાની જે ભલામણ કરી છે, તે
મલમા મુકીશ એટલુંજ નહીં પણ અત્રે તમે જે ઉત્તમ પ્રકારની પદવી અખત્યાર કરી હતી તેથી હુ જે સજા કરનાર હતો તેમાં ઘટાડો કરવાને મને મન થયુ છે જો કે મને તો એ સજા ઘણી નરમ લાગે છે, પણ તમને તો તે સજા સંકટવાળી થઇ પડશે હું પહેલા આરોપ માટે તમને ૧૫ મહીનાના સખત કેદખાનાની અને બીજા આરોપ માટે ચાર મહીનાના સખત કેદખાનાની સજા ફરમાવુ છુ

નામદાર જડજે અત્રે મીo બ્રાન્સનને જણાવ્યુ કે તમો કાંઈ અરજ કરવા માગો છો ?

આo મીo બ્રાન્સ- હા, નામદાર ફોજદારી કાયદાની ૫૧૭ મી કલમ પ્રમાણે હુ તે અરજ કરવા માગુ છુ પણ આરોપી તરફથી કોઇ ધારાનો હીમાયતી હાજર થયો નથી

મી૦ જોસફ બેપટીસ્ટાએ અત્રે કોરટને જણાવ્યુ કે આરોપી તરફથી હાજર થવાને મને સલાહ મળી છે

નામદાર જડજ-(આo મી૦ બ્રાન્સનને) હાલ જે સજા થઇ છે તે જોતા અરજ કરવાની કાંઇ જરૂર નથી.

આo મીo બ્રાન્સ-હુ વીચાર કરવાને વખત માગું છું.

નામદાર જડજ-આરોપીએ અખત્યાર કરેલી પાયરી જોતાં ધ્યાન કરવાની હું કાઇ જરૂર જોતો નથી.

આ મીo બ્રાન્સન-- ...
... લવી રાખશો

નામદાર જડજ-આવતા સોમવાર ... રાખું છુ. એ દરમ્યાન તમો સામા ... ટીસ આપજો. હુ વધુ સાંભળવાને ખુશી છું.

મીo બ્રાન્સન-ચુકાદો હોયતો સારૂં.

નામદાર જડજ-વળી કોરટની સત્તાનો વાલ છે. એ બાબત કલકત્તા અને મુંબઇ હાઇ કોરટોના ચુકાદા છે

આo મી૦ બ્રાન્સન-આ બાબત બીજી ... ખત લાવીશુ તો બેહેતર થઇ પડશે.

આ બાબત ... પછી મુલતવી રાખવામાં આવી હતી

આરોપીએ અત્રે નામદાર કોરટથી જાણવા માગ્યુ કે તેને કરવામા આવેલી સજા એક પછી એક અમલમા મેલવામા આવશે કે સાથે

નામદાર જજે જણાવ્યુ કે એ ઉપર પુરતુ લક્ષ આપ્યુ છે અને પછીજ સજા છે કે એક પુરી થવા પછી બીજી અમલમા મેલવી

તાo ૨૪ મી ... ૧

મીo પ્રાંજપેના મરણુન

તેવણુની બીમારી.

છેલ્લી ફોજદારી કોરટનીસેશન્સ મધે સજા પામેલા 'કાળ' પત્રના અધીપતી મીo પ્રાંજપેનુ, મરણ નીપજવાની ખબર શેહેરમાં ફેલાઇ છે. એવુ કહેવામા આવ્યુ છે કે તેવણ તુરંગમા લોહી ઓકીને મરણ પામ્યાછે ગઈ કાલે સાંજે આ ખબર બહાર પડી હતી અને શેરબજારમાં પણ એ વીશે બોલાયું હતુ એવુ કહેવાયું હતુ કે મીo પ્રાંજપેનુ હારટ નબળુ હતું અને તેને પરીણામે તેવણુનુ મરણ નીપજ્યુ હતુ

આજે થાણા ખાતે એક માણસને ખાસ આ ખબરના સબંધમા તપાસ કરવાને રવાના કરવામા આવ્યો હતો જે ખબર લાવ્યો છે મી૦ પ્રાંજપેના મરણની અફવા ખોટી છે. તે બીમાર પડેલા છે જેથી તેવણને તુરંગને લ ... ઇસ્પીતાલમાં રાખવામાં આવ્યા છે.